પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૮૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૫-૧૨-૨૦૨૦ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 88 PRICE :-RS. 1.50 DATE : 05-12-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કેન્દ્ર અને ખેડૂતો વચ્ચે આજે પાંચમી વખત વાતચીત થશે

## ખેડૂતોનું સરકારને અલ્ટિમેટમ: આજે કૃષિ કાયદો પરત ખેંચો નહિ તો ભારત બંધ



ન્યુ દિલ્હી,
સરકારે પસાર કરેલા કૃષિ કાયદા અંગે ખેડૂતો હવે આક્રમક મૂડમાં આવી ગયા છે. ત્યારે ભારતીય કિસાન સંઘના જનરલ સેક્રેટરી (બીકેયુ-લાખોવાલ)એ સરકારને અલ્ટીમેટમ આપ્યું છે. આજે એટલે ૫ ડિસેમ્બર સુધી ખેતી સંલગ્ન કાયદા પરત ખેંચવામાં નહિ આવે તો મોદીના પૂતળા દહન કરવામાં આવશે. અને ૮ ડિસેમ્બરે ભારત બંધનું આહ્વાન કર્યું છે.

કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોના પ્રદર્શનનો શુક્રવારે ૯મો દિવસ છે. ખેડૂત આવતીકાલે યોજાનારી બેઠક માટે આજે રણનિતી તૈયાર કરી રહ્યાં છે.ખેડૂત ભાઈઓને આજે દીદી એટલે કે બંગાળના સીએમ મમતા બેનર્જીનો પણ સાથ મળી ગયો છે. મમતા બેનર્જીએ ઘણા ખેડૂત નેતાઓ સાથે ફોન પર વાત કરી છે અને તેમને કહ્યું કે, કેન્દ્રીય કૃષિ કાયદા વિરુદ્ધ તમારા આંદોલનમાં તૃણમૂલ પુરી રીતે તમારી સાથે છે.

તો આ તરફ આંદોલનના કારણે દિલ્હી બોર્ડરના ૯ પોઈન્ટ પર ટ્રાફિક બંધ કરી દેવાયો છે. અમુક વૈકલ્પિક રસ્તા દિલ્હીમાં જવા માટે છે, પણ તેના પર પણ ટ્રાફિકની સ્થિતિ ખરાબ છે. હરિયાણા અને પંજાબના ખેડૂતો સતત બોર્ડર પર ભેગા થઈ રહ્યાં છે. આજે રાતે સિંઘુ અને ટિકરી બોર્ડર પર હજારો યુવાનો ભેગા થશે.નવયુવાન ભારત સભાએ જણાવ્યું કે, મોગા, ફરીદકોટ, મુક્તસર, જાલંધર,અમૃતસર, ગુરદાસપુર, નવાનશહર, રોપડ, સંગરુર અને પટિયાલાથી યુવાન બોર્ડર પર આવી રહ્યાં છે.

ખેડૂતોના સપોર્ટમાં એવોર્ડ પરત કરવાનો સિલસિલો બીજા દિવસે શુક્રવારે પણ યથાવત રહ્યો. લેખક ડો. મોહનજીત, ચિંતક ડો. જસવિંદર અને પત્રકાર સ્વરાજબીરે તેમના સાહિત્ય અકાદમી એવોર્ડ પરત કરી દીધા છે.ગુરુવારે પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલે તેમનો પદ્મવિભૂષણ એવોર્ડ પરત કરી દીધો હતો.

ખેડૂતો અને કેન્દ્ર વચ્ચે એક દિવસ પહેલા એટલે કે ગુરુવારે થયેલી વાતચીતમાં સ્પષ્ટ થઈ ગયું હતું કે, આંદોલન હવે અટકશે નહીં. ક્રાંતિકારી ખેડૂત યુનિયનના લીડર દર્શનપાલે આજે કહ્યું કે, કેન્દ્ર કાયદામાં અમુક સુધારા માટે રાજી છે, પણ અમે નહીં. અમે તેમને જણાવી દીધું કે, આખા કાયદામાં ખામી છે. અમે આવતીકાલે યોજાનારી મીટિંગ પહેલા આજે ચર્ચા કરીશું અને અમારી રણનીતિ તૈયાર કરીશું. સંગઠનો વચ્ચે બેઠક થઈ રહી છે.

કેન્દ્ર અને ખેડૂતો વચ્ચે ચોથા તબક્કાની વાતચીત ૭ કલાક સુધી ચાલી. બેઠક પછી કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે ખેડૂતોને વિશ્વાસ અપાવ્યો કે મિનિમમ સપોર્ટ પ્રાઈઝને કંઈ નહીં થાય. તેમાં કોઈ ફેરફાર નહીં કરવામાં આવે. એક્ટની જોગવાઈમાં ખેડૂતોને સુરક્ષા આપવામાં આવી છે. ખેડૂતોએ કહ્યું, મુદ્દો માત્ર MSPનો નથી, પણ કાયદો પૂરી રીતે પાછો લેવાનો છે. ભારતીય ખેડૂત યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું, માત્ર એક નહીં, પણ ઘણા મુદ્દાઓ પર વાતચીત થવી જોઈએ. કેન્દ્ર અને ખેડૂતો વચ્ચે હવે પાંચમી વખત વાતચીત ૫ ડિસેમ્બરે થશે.

## ગુજરાતમાં ૮૦ લાખથી વધુ લોકોના કોરોના ટેસ્ટ, દેશમાં ૭માં ક્રમે




અમદાવાદ,
ગુજરાતમાં જીવલેણ કોરોના વાઈરસનુ સંક્રમણ ફેલાતું અટકવાનું નામ નથી લઈ રહ્યું. રાજ્યમાં દિન-પ્રતિદિન કોરોના સંક્રમિતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં કોરોનાને કાબુમાં કરવા માટે ટેસ્ટિંગની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૬૯,૭૩૫ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યાં છે. ગુજરાતમાં અત્યાર સુધી ૮૦,૩૩,૩૮૮ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવી ચૂક્યાં છે.

ગુજરાતથી સૌથી વધુ કોરોના ટેસ્ટ ઉત્તર પ્રદેશ, બિહાર, તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં થઈ ચૂક્યાં છે. ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધી ૨ કરોડથી વધુ કોરોના ટેસ્ટ થયા છે. જ્યારે બિહારમાં દોઢ કરોડથી વધુ, તમિલનાડુમાં ૧.૨૦ કરોડથી વધુ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ૧.૧૦ કરોડથી વધુ કોરોના ટેસ્ટ થઈ ચૂક્યાં છે. જ્યારે આંધ્ર પ્રદેશમાં એક કરોડથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં જીવલેણ કોરોના અત્યાર સુધી ૪ હજારથી વધુ લોકોને ભરખી ચૂક્યો છે. આ દ્રષ્ટિએ ગુજરાત કોરોનાથી સર્વાધિક મોત મામલે સમગ્ર દેશમાં ૭માં ક્રમે છે. જ્યારે કોરોના સંક્રમિતોની સંખ્યા મામલે ગુજરાત સમગ્ર દેશમાં ૧૫માં સ્થાને છે.

### વડાપ્રધાન મોદીએ સર્વપક્ષીય બેઠકમાં કોરોનાની રસી અંગે ચર્ચા કરી

## 'દેશવાસી'ઓ ધ્યાનથી સાંભળો: 'કોરોના રસી' મફત નહિં મળે..!



ન્યુ દિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસ વેક્સીનને લઈ તમામ પક્ષોના નેતાઓને અપડેટ આપી દીધું છે. શુક્રવારના રોજ સર્વદલીય બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે વેક્સીનના સ્ટોક અને રિયલ ટાઈમ ઈન્ફોર્મેશન માટે એક ખાસ સોફ્ટવેર તૈયાર કરાયું છે. તેમણે કહ્યું કે કોવિડનું રસીકરણ અભિયાન વ્યાપક હશે. તેમણે કહ્યું કે આવા અભિયાનોની વિરૂદ્ધ અફવાઓ ફેલાવામાં આવે છે. તેમણે તમામ રાજકીય પક્ષોને અપીલ કરી કે તેઓ લોકોને રસીને લઈ જાગૃત કરે. પીએમ મોદીએ કહ્યું કે એક્સપર્ટ માને છે કે આવનારા થોડાંક સપ્તાહમાં કોવિડ વેક્સીન તૈયાર થઈ જશે. તેમણે કહ્યું કે વૈજ્ઞાનિકો દ્વારા લીલી ઝંડી મળતા જ ભારતમાં રસીકરણ શરૂ કરી દેવાશે.

પીએમ મોદીએ બેઠક બાદ કહ્યું કે થોડાંક દિવસ પહેલાં મારી રસી બનાવતા વૈજ્ઞાનિકો સાથે પણ વાત થઈ છે. આપણા વૈજ્ઞાનિક પોતાની સફળતાને લઈ ખૂબ જ આશ્વસ્ત છે. ભારતમાં ૮ વેક્સીન ટ્રાયલના અલગ-અલગ સ્ટેજમાં છે અને તેનું મેન્યુફેક્ચરિંગ ભારતમાં જ થશે. દેશની ત્રણ વેક્સીન પણ અલગ-અલગ તબક્કામાં છે. એક્સપર્ટ માને છે કે રસીકરણ વધુ દૂર નથી. વૈજ્ઞાનિક આપણને જેવી ગ્રીન સિગ્નલ આપે છે ભારતમાં રસીકરણ અભિયાન શરૂ થઈ જશે.

મોદીએ કહ્યું કે પહેલાં તબક્કામાં હેલ્થકેર વર્કર્સ, પછી ફ્રન્ટલાઈન વર્કર્સ, અને વૃદ્ધ લોકોને અને ગંભીર બીમારીઓ સાથે જોડાયેલા લોકોને રસી લગાવાશે. કેન્દ્ર અને રાજ્ય સરકારો વેક્સીનના ડિસ્ટ્રીબ્યુશનને લઈ ઝડપથી કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ભારતની પાસે માત્ર રસીકરણમાં જ વિશેષજ્ઞતા નથી પરંતુ ક્ષમતા પણ છે. સર્વપક્ષીય બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે હેલ્થકેર વર્કર્સ, ફ્રન્ટલાઈન વર્કર્સ, અને વૃદ્ધોને કોરોનાની રસી સૌથી પહેલાં અપાશે. પીએમે કહ્યું કે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો સાથે વેક્સીનની કિંમત પર પણ ચર્ચા કરી રહ્યા છે અને પબ્લિક હેલ્થનું સૌથી વધુ ધ્યાન રાખતા તેના પર નિર્ણય લેવાશે.

(અનુ.પાના.નં.૨)

### પેટ્રોલ ૯૦.૬૨ રૂપિયે લિ.તો ડિઝલ ૮૦.૮૩ રૂપિયે લિટરે પહોંચ્યું

## પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો: ભાવ છેલ્લા ૨ વર્ષના શિખરે પહોંચ્યા




ન્યુ દિલ્હી,
સરકારી ઓઈલ કંપનીઓએ આજે ફરી એકવાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો ઝીંકયો છે. આજે પેટ્રોલના ભાવમાં ૨૦ પૈસા તો ડીઝલના ભાવમાં ૨૩ પૈસા પ્રતિ લીટરનો વધારો કર્યો છે. દિલ્હીનો ભાવ જોઈએ તો શુક્રવારે પેટ્રોલ ૮૨.૮૬ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૭૩.૦૭ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું. પેટ્રોલ-ડીઝલના ભાવ દેશમાં ૨૫ મહિનાના ઉચ્ચ સ્તર પર પહોંચી ગયા છે. મધ્ય પ્રદેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સૌથી વધુ છે. અહીં પ્રતિ લીટર પેટ્રોલનો ભાવ ૯૦.૬૨ રૂપિયા અને ડીઝલનો ભાવ પ્રતિ લીટર ૮૦.૮૩ રૂપિયા છે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં ઐતિહાસિક ઘટાડા બાદ લોકો રાહતની આશા રાખી રહ્યા હતા. પરંતુ લોકોને કેન્દ્ર સરકારે આંચકો આપ્યો હતો. સરકારે પેટ્રોલ પર ૧૦ રૂપિયા અને ડીઝલ પર ૧૩ રૂપિયા પ્રતિ લીટર એકસાસાઈઝ ડ્યૂટી વધારી દીધી હતી. આ પહેલા વર્ષે ૨૦૧૪માં પેટ્રોલ પર ટેકસ ૯.૪૮ રૂપિયા પ્રતિ લીટર હતો અને ડીઝલ પર ૩.૫૬ રૂપિયા. નવેમ્બર ૨૦૧૪થીક જાન્યુઆરી ૨૦૧૬ સુધી કેન્દ્ર સરકારે તેમાં નવ વાર વધારો કર્યો. આ ૧૫ સપ્તાહમાં પેટ્રોલ પર ડ્યૂટી ૧૧.૭૭ અને ડીઝલ પર ૧૩.૪૭ રૂપિયા પ્રતિ લીટર વધી હતી.

## સુરતમાં લોકડાઉનમાં કૌભાંડ: RTIમાં ટ્રાફિક ક્રેઈનને લઈ મોટો ખુલાસો

સુરત,
કોરોના સંક્રમણને કારણે ૨૩મી માર્ચથી લોકડાઉન હોવા છતાં પણ સુરતમાં કોન્ટ્રાક્ટ હેઠળ ચાલતી ટ્રાફિક ક્રેઈનને ખોટી રીતે ૧.૨૦ કરોડ ચૂકવવામાં આવ્યાના આક્ષેપ બાદ આરટીઆઈમાં આપવામાં આવેલી માહિતીથી ફરી આ વિવાદ સપાટી ઉપર આવ્યો છે. સુરત શહેરમાં ટ્રાફિકની સમસ્યા વર્ષોથી ચાલતી આવી છે અને આજે પણ યથાવત છે. જેના બે મુખ્ય કારણ છે એક તો બિલ્ડરો દ્વારા પાર્કિંગમાં થતા બાંધકામ અને બીજો શહેરીજનોમાં ટ્રાફિક સેન્સનો અભાવ.

આ ટ્રાફિકને કન્ટ્રોલ કરવા માટે નો પાર્કિંગમાં ઉભેલી કાર, બાઈક અને મોપેડને ક્રેન મારફતે પણ ઉચકવામાં આવતી હોય છે અને દંડ ભર્યા બાદ છોડી મુકવામાં આવે છે. જોકે હવે સુરતના રસ્તા પર દોડતી અગ્રવાલ એજેનસીની ક્રેન વિવાદમાં આવી છે. લોકડાઉનના સમય દરમિયાન ટ્રાફિક પોલીસની ક્રેઈન બંધ રહી હોવા છતાં પણ કોન્ટ્રાક્ટરને રૂપિયા ચુકવવામાં આવ્યા છે. માર્ચ મહિનામાં છ બાઈક અને મેં મહિનામાં માત્ર બે જ કારને ટોઈંગ કરી દંડ લેવાયાનો જવાબ ટ્રાફિક વિભાગ દ્વારા આપવામાં આવ્યો હતો.

આર.ટી.આઈ. એક્ટિવિસ્ટ સંજય ઈઝાવા દ્વારા થોડાક સમય પહેલાં જ આર.ટી.આઈ. દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીને આધારે દાવો કર્યો હતો કે, સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા જે ૨૨ ક્રેઈન કોન્ટ્રાક્ટ ઉપર રાખવામાં આવી છે. તે લોકડાઉન દરમ્યાન બંધ હોવા છતાં પણ પોલીસ દ્વારા ગેરકાયદે ૧.૨૦ કરોડ ખોટી રીતે ચૂકવી દેવાયા છે. તેની સામે ટ્રાફિક ડી.સી.પી. પ્રશાંત સુખેએ ખુલાસો કર્યો હતો કે, લોકડાઉન દરમ્યાન ક્રેઈનની સેવા સમયાંતરે ચાલુ હતી.

## કોરોના: રાજકોટમાં છેલ્લાં ૨૪ કલાકમાં શહેરમાં ૧૨ દર્દીઓના મોત



રાજકોટ,
કોરોનાની બીજી લહેર શરૂ થઈ ગઈ છે. ત્યારે રાજકોટમાં કોરોનાને લઈ ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજકોટમાં સતત વધી રહેલા કેસને લઈને તંત્ર ચિંતામાં છે. ત્યારે રાજકોટમાં છેલ્લાં ૨૪ કલાકમાં શહેરમાં ૧૨ દર્દીઓના મોત થયા છે. જે જોતા કહી શકાય કે રાજકોટમાં પણ કોરોનાનો સેકન્ડ વેવ શરૂ થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકનો મૃત્યુઆંક સૌથી વધુ છે. કોરોનાના વધતા જતા મૃત્યુઆંકથી આરોગ્ય તંત્રમાં દોડધામ મચી છે. ગઈકાલે ૬ દર્દીઓના મોત થયા હતા. જોકે, મોત અંગેનો આખરી નિર્ણય ડેથ ઓડિટ કમિટી લેશે. રાજ્યભરમાં કોરોનાએ હાહાકાર મચાવી રાખ્યો છે. રાજકોટ કોવિડ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દર્દીના મોત આંકમાં વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૧૨ લોકોના મોત નીપજ્યા છે. ઉલ્લેખનીય છે કે ગઈ કાલે કોરોનાના ૬ દર્દીના મોત નીપજ્યા હતા. જેમા ૬માંથી એક દર્દી કોવિડથી મોત થયાનું ડેથ ઓડિટ કમિટિએ જાહેર કર્યું છે. તે સિવાય ૧૨ દર્દીમાં કોવિડથી મોતને લઈને પણ ડેથઓડિટ કમિટી નિર્ણય લેશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં કોરોનાના કેસ વધતા ૪ મહાનગરોમાં રાત્રી કરફ્યૂ લાદી દેવામાં આવ્યા છે. જ્યારે રાજકોટમાં કોરોનાના કેસમાં આટલો વધારો નોંધાતા અને કોવિડ દર્દીના મોત થતા એક ચિંતાનો વિષય છે.

## કોરોના મહામારીને કારણે સુરત ડાયમંડ ઉદ્યોગ પર મોટો ફટકો



અમદાવાદ,
એક તરફ કોરોના મહામારીને કારણે સુરત ડાયમંડ ઉદ્યોગ પર મોટો ફટકો પડ્યો હતો. તો હવે અમેરિકાના લોસ એન્જલીસમાં લોકડાઉનની જાહેરાતને લઈને હીરા ઉદ્યોગ પર ખરાબ અસર થઈ શકે છે. વધતા જતા કોરોનાને લઈને દુનિયાભરમાં લોકો પરેશાન છે. ત્યારે હવે ગુજરાતનું ડાયમંડ હબ ગણાતા સુરતમાં ફરી વખત હીરા ઉદ્યોગને લઈને સુરતીઓ ચિંતામાં છે. મળતી માહિતી અનુસાર હવે કોરોનાના કેસ વધતા અમેરિકાના લોસ એન્જલીસમાં લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે લોકડાઉનની જાહેરાત થતા હીરા ઉદ્યોગ પર અસર થવાને લઈને વેપારીઓ ચિંતામાં મુકાયા છે. કારણે ડિસેમ્બર મહિનામાં ક્રિસમસની ખરીદી પર અસર પડી શકે છે. સુરતમાં તૈયાર થયેલા હીરા અને જ્વેલરીની અમેરિકામાં સારી માંગ હોય છે. પરંતુ લોકડાઉનને કારણે હવે હીરા ઉદ્યોગ પર અસર પડી શકે છે. ખાસ કરીને ડિસેમ્બર મહિનામાં લોકો ક્રિસમસની ઉજવણી કરતા હોય છે. જેને લઈને અમેરિકામાં લોકો ડાયમંડ ગિફ્ટ માટે ખરીદી કરતા હોય છે. ક્રિસમસના મોટા ભાગના ઓર્ડર સુરતથી રવાના થયા છે. જ્યારે સુરતમાં તૈયાર થયેલા હીરા અને જ્વેલરીની અમેરિકામાં વધારે પ્રમાણમાં માગ હોય છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી મોરવા(હ) અ.સે.સ.મં.લી.

મુ. બામણાફળિયું, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

લીમડા મુવાડા દૂધ ઉ. મંડળી

મુ. લીમડા, તા. સંતરામપુર

## ભારતમાં ન્યૂનતમ મજૂરી પાકિસ્તાન, નેપાળ અને શ્રીલંકા કરતાં પણ ઓછી

યુએન,
ભારતમાં કોરોના મહામારીના કારણે લાગૂ કરવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનની સૌથી માઠી અસર રોજ કમાઈને રોજ ખાનારા મજૂર વર્ગ પર પડી હતી. જો કે હવે સંયુક્ત રાષ્ટ્ર સાથે સંકળાયેલ આંતરરાષ્ટ્રીય મજદૂર સંગઠનના રિપોર્ટમાં આ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે. તાજેતરના રિપોર્ટ મુજબ, ભારતમાં ન્યૂનતમ મજૂરી પાકિસ્તાન, શ્રીલંકા અને નેપાળ કરતા પણ ઓછી રહી છે.

રિપોર્ટમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, ભારતમાં પ્રથમ અને બીજા તબક્કામાં લૉકડાઉન દરમિયાન બધુ બંધ હોવાના કારણે મજૂરોને કોઈ મજૂરી કે આવક નથી આપવામાં આવી. ૪૦ દિવસ સુધી ચાલેલા પ્રાથમિક ફેઝના લૉકડાઉનથી અસંગઠિત ક્ષેત્રના મજૂરોના વેતનમાં સરેરાશ ૨૨.૬ ટકાની કમી આવી છે. જો કે સંગઠિત ક્ષેત્રના મજૂરો લોકડાઉનની અસરથી સુરક્ષિત રહ્યાં. જો કે તેમના વેતનમાં પણ ૩.૬ ટકાનો ઘટાડો નોંધવામાં આવ્યો.

જણાવી દઈએ કે, ભારતમાં મજૂરો અને શ્રમજીવીઓના વેતન માપવા માટે ILOએ પોતાના ગ્લોબલ વેજ રિપોર્ટ ૨૦૨૧માં મીડિયન વૅલ્યૂને સ્થાન આપ્યું છે. હકીકતમાં મોટાભાગના દેશોમાં ક્ષેત્રો અને સેક્ટરોના આધાર પર અલગ-અલગ ન્યૂનતમ વેતન દર હોય છે.

જ્યારે ભારતમાં ન્યૂનતમ વેતન માટે એક જ માપદંડ ૧૭૬ રૂપિયા પ્રતિદિવસ લાગૂ કરવામાં આવ્યો છે. જો કે આ હિસાબે પણ જોઈએ તો, વૈશ્વિક સ્તરે પણ ભારતની સ્થિતિ ઘણી ખરાબ છે.

જ્યાં એક તરફ સમગ્ર વિશ્વ સરેરાશ ન્યૂનતમ માસિક વેતન ૯૭૨૦ રૂપિયા પ્રતિદિનની આસપાસ છે, જ્યારે ભારત માટે તે ૪૩૦૦ રૂપિયા છે. આજ પ્રકારે પાકિસ્તાનમાં આ ૯૮૨૦ રૂપિયા અને નેપાળમાં ૭૯૨૦ રૂપિયા અને શ્રીલંકામાં ૪૯૪૦ રૂપિયા અને ચીનમાં ૭૦૬૦ રૂપિયા છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## કડાણા ખાનપુર તાલુકાના ખેડુતો દ્વારા જમીન વળતરના દાવા માટે રોકેલ

# બે વકીલો દ્વારા ખેડુતો સાથે કરોડોની છેતરપિંડી કર્યાની સોગંધનામા સાથે પોલીસ મથકે રજુઆત

- સુજલામ-સુફલામ યોજનામાં જમીન જતા વળતરના દાવા માટે વકીલ રોકેલ હતા.
- કોર્ટ દ્વારા જમીન વળતર ચુકવવાના આદેશ કરાતાં ખેડુતો પાસેથી વકીલો એ ૩૫થી ૪૫ ટકા લેખે વસુલાત કરતાં પોલીસ ફરિયાદની માંગ.

ગોધરા,

ગુજરાત સરકાર દ્વારા કડાણા ડેમ મહી નદી માંથી ઉત્તર ગુજરાત અમદાવાદ સુધીના ખેડુતોને સિંચાઈનું પાણી મળે તેમજ કેટલાક ગામોમા પીવાના પાણીનો સ્ત્રોત મળી રહે તેવા હેતુસર સુજલામ-સુફલામ યોજના અંતર્ગત નહેર માટે કડાણા તાલુકા અને ખાનપુર તાલુકાના ખેડુતોની જમીન લેવામાં આવી હતી. આ મહામૂલી ઉપજાવ જમીનનું વળતર જે તે સમયે ઓછું વળતર ચુકવવામાં આવ્યું હતું. આ ઉપજાવ જમીનના વળતર માટે કોર્ટમાં દાવો દાખલ કરવા માટે લુણાવાડાના-૧ અને ગોધરાના-૧ અમે બે વકીલો રોકયા હતા. કોર્ટમાં જમીન વળતરનો દાવો મંજુર રાખી વળતર ચુકવવાનો હુકમ કર્યો હતો. જમીન વળતરના નાણા બેંકમાં જમા થતાં વકીલો દ્વારા ખેડુતો પાસેથી ૩૫ થી ૪૫ ટકા જેટલું ફી બારોબાર વસુલાત કરી છેતરપિંડી કર્યાના આક્ષેપ સાથે ખેડુતો એ સોગંધનામું કરી પોલીસ મથકે ફરિયાદ નોંધાવા રજુઆત કરવામાં આવી.

કડાણા ડેમ મહી નદી માંથી ઉત્તર ગુજરાત અમદાવાદ સુધીના ખેડુતોને સિંચાઈનું પાણી મળે તેમજ કેટલાક ગામોમાં પીવાના પાણીનો સ્ત્રોત મળી રહે તેવા હેતુસર ૨૦ વર્ષ પહેલા સુજલામ-સુફલામ યોજના અંતર્ગત અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનામાં કડાણા તાલુકા અને ખાનપુર તાલુકાના ખેડુતો એ ઉપજાવ અને મહામૂલી જમીન સરકાર દ્વારા લેવામાં આવી હતી. આ જમીનનું વળતર જે તે સમયે સરકાર દ્વારા ઓછું ચુકવવામાં આવ્યું હોય જેને લઈ કડાણા અને ખાનપુર તાલુકા ૨૩ જેટલા ખેડુતો એ કોર્ટમાં જમીન વળતરનો દાવો કરવા માટે લુણાવાડા અને ગોધરાના બે વકીલ રોકવામાં આવ્યા હતા. કોર્ટે જમીન વળતરનો દાવો ચાલી જતાં કોર્ટ દ્વારા જમીનનું વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જમીન વળતરનો દાવો મંજુર રાખીને વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવતાં ખેડુતો દ્વારા રોકવામાં આવેલ ખેડુતોના વકીલો દ્વારા ખેડુતોના ખાતાઓ એકસીસ બેંક અને યુનિયન બેંકમાં ખોલાવામાં આવ્યા હતા. ખેડુતોના વકીલો દ્વારા બેંક સાથે મેળાપીપણું કરીને ખેડુતોના બેંક ખાતાઓની ચેક બુક મેળવી લીધી હતી અને વળતરનો દાવો જીતનાર ખેડુતોને ઓફિસમાં બોલાવીને કોરા ચેક ઉપર સહી કરાવી લીધી હતી અને બેંકમાં જમા થયેલ જમીન વળતર નાણાં માંથી ૩૫ ટકા થી ૪૫ ટકા સુધી જેટલી ઉંચી ફી બેંક માંથી ઉપાડી લઈને વસુલવામાં આવ્યા હતા. જમીન વળતરનો દાવો કોર્ટમાં દાખલ કરનાર કડાણા અને ખાનપુર તાલુકાના ખેડુતો સાથે લુણાવાડાના વકીલ તેમજ ગોધરાના વકીલ દ્વારા ૩૫ ટકા થી ૪૫ ટકા જેટલી ફી વસુલાત બારોબાર બેંક ખાતા માંથી કરી લેવામાં આવી હોય જેને લઈ વકીલો દ્વારા છેતરપિંડીનો ભોગ બનેલ ખેડુતો દ્વારા સોગંધનામું કરીને બન્ને વકીલો દ્વારા કરવામાં આવેલ છેતરપિંડી માટે પોલીસ ફરિયાદ નોંધાવામાં આવે તેવી રજુઆત સાથે કડાણા પોલીસ મથકમાં છેતરપિંડીના ભોગ બનેલ ખેડુતો દ્વારા સોગંધનામું આપવામાં આવ્યું. પોલીસે ખેડુતોના સોગંધનામાના આધારે તપાસ શરૂ કરી છે.

### કડાણા અને ખાનપુર તાલુકાના ૨૩ ખેડુતોના બેંક ખાતાની ચેકબુક વકીલો એ મેળવી

કડાણા અને ખાનપુર તાલુકાના જમીન વળતરનો દાવો કરવા માટે ગોધરા અને લુણાવાડાના વકીલને રોકવામાં આવ્યા હતા. નામદાર કોર્ટ દ્વારા વળતરનો દાવો કરનાર ખેડુતોના દાવાને ગ્રાહ્ય રાખીને વળતર ચુકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. વળતરના નાણાં માટે એકસીસ બેંક અને યુનિયન બેંકમા વકીલો દ્વારા ખેડુતોના ખાતા ખોલવામાં આવ્યા હતા. દાવાના વળતરના નાણાં માટે બેંકમાં ખાતુ ખોલાવનાર ખેડુતો અજાણ હોવા છતાં ખેડુતોના વકીલો દ્વારા ખેડુત બેંક ખાતેદારના નામ ચેકબુક મેળવી હતી અને બારોબાર ખેડુતોના ખાતામાંથી ૩૫ થી ૪૫ ટકા ફી વસુલાત કરી હોવાનો આક્ષેપ ખેડુતો એ સોગંધનામામાં કર્યો છે.

### બેંકના નિયમો પ્રમાણે અજાણ વ્યકિતને ચેકબુક ફળવાતી નથી

લુણાવાડા એકસીસ બેંક અને યુનિયન બેંકમાં ખાતા ખોલાવનાર ખેડુતો અજાણ હોય ત્યારે બેંકના નિયમો પ્રમાણે ચેકબુક ઈશ્યુ કરવામાં આવતી નથી. તેમ છતાં લુણાવાડા ખાતે આવેલ બન્ને બેંકો દ્વારા ખેડુત બેંક ખાતેદારોના નામની ચેકબુકો વકીલો કાઢી આપી હતી. જ્યારે બેંકમાં ખાતુ ધરાવતો ખાતેદાર ખેડુત અજાણ હોય તેમ છતાં ચેકબુક ઈશ્યુ કરાઈ છે. તેની પણ તપાસ થવી જરૂરી છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૧૮ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૭૫૭ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૩ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૪-૧૨-૨૦૨૦ના સાંજના ૫-૩૦ વાગ્યા સુધીમાં ૧૭૫૭ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લાતમાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૯ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૫૩૬ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૯૧૫૫૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૫૯ વ્યકિતઓને હોમ ક્વોરેન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૬ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૨૩ દર્દી હોમ આઇસોલેશન, ૦૯ દર્દી લુણાવાડા (CCC), ૧૨ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૬૩ દર્દીઓ સ્ટેબલ, ૧૪ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

### (પાન નં.૧ નું ચાલુ)

#### 'દેશવાસી'ઓ ધ્યાનથી સાંભળો......

બેઠક દરમિયાન પીએમ મોદીએ રાજકીય પક્ષોને કહ્યું કે આપણે કોશિશ કરવી જોઈએ કે રસીકરણ દરમિયાન અફવા ન ફેલાય. તેમણે કહ્યું કે આપણે એ સુનિશ્ચિત કરવાનું છે કે રસીકરણ દરમિયાન જરાય અફવા ન ફેલાય, એવી અફવાઓ જે દેશવિરોધી અને માનવ વિરોધી છે. આ પ્રકારે, તમામ રાજકીય પક્ષોએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આપણે તમામ ભારતીયોને આ પ્રકારની અફવાઓથી બચાવીએ.

કોરોનાની રસીના ભાવ પર રાજ્યો સાથે ચર્ચા કરવાના પીએમ મોદીના નિવેદન પરથી લાગે છે કે વેકસીન પર સબ્સિડી મળી શકે છે. આપને જણાવી દઈએ કે ભાજપે બિહાર ચૂંટણી દરમ્યાન વચન આપ્યું હતું કે જો એનડીએની સરકાર આવે છે તો રાજ્યના તમામ લોકોને કોરોનાની રસી મફતમાં મળશે. પીએમના આ નિવેદન બાદ માનવામાં આવી રહ્યું છે કે દેશભરમાં કોવિડ-૧૯ વેક્સીન ફ્રી થશે નહીં પરંતુ તેના પર કેટલાંક સબ્સિડી આપી શકે છે.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડા દિવસો પહેલા જ અમદાવાદ, હૈદરાબાદ અને પુણેની કોરોના વેકસીન તૈયાર કરનારી કંપનીઓની મુલાકાત લીધી હતી. કોવિડ-૧૯ વેક્સીનના વિકાસ માટે થઈ રહેલા કાર્યોનું તેમણે નિરીક્ષણ કરીને ચર્ચા કરી હતી. ત્યારબાદ સરકારે આ સર્વપક્ષીય બેઠક બોલાવી હતી.

## દારૂ પોલીસ મથકથી મંગાવાયો હોવાનો ગોધરાના હોમગાર્ડનો ઓડિયો વાયરલ થતાં અનેક તર્કવિર્તકો

ગોધરા,

પોલીસે દારૂબંધીના કાયદાનું પાલન કરવું અને કરાવવાના બદલે ગોધરામાં ફરજ બજાવતો એક હોમગાર્ડ કર્મી જપ્ત કરાયેલ સરકારી કસ્ટડીમાં રખાયેલ દારૂ મેળવ્યો હોવાનું અન્ય વ્યકિત સાથે વાતચીત કરતો ઓડિયો વાયરલ થતાં પોલીસની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થો પ્રજામાં ઉઠયા છે.

ગુજરાતમાં દારૂ બંધી હોવા છતાં પંચમહાલ જીલ્લાના વિવિધ વિસ્તારોમાંથી અવારનવાર દેશી-વિદેશી દારૂનો જથ્થો પોલીસના હાથે ઝડપાઈ જતાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. આ ઝડપાયેલ દારૂના જથ્થો પોલીસની કસ્ટડીમાં રખાઈને તેની દેખરેખ રાખવાની સાથે ગણતરી મુજબના જથ્થાની નોંધ પણ પોલીસ મથકના ચોપડે નોંધાતી હોય છે. ચુસ્ત જાપ્તામાં રખાયેલ દારૂને સગેવગે કરવો કે સ્ટાપ પણ તેનો ઉપયોગ કરી ન શકે તેવા નિયમ છે. પરંતુ સરકારી કસ્ટડીમાં રખાયેલ દારૂ ખુદ કાયદાનું રક્ષણ કરનાર પોલીસ કર્મી દ્વારા જ સત્તાનો દુરુપયોગ કરીને અંગત કામે દારૂનો ઉપયોગ કરવા હોવાનો ઓડિયો વાયરલ થયો છે. જાણવા મળ્યા અનુસાર ગોધરા શહેરમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતો એક પોલીસકર્મી દ્વારા જપ્ત કરાયેલ દારૂને પોલીસ મથક થી જ લવાયો છે. તે પ્રકારની વાતચીત કરતો ટેલીફોનિક સંવાદ વાયરલ થતા પોલીસની દારૂને સગેવગે કરાયો હોવાની શંકાસ્પદ ભૂમિકા હોવાનું બહાર આવતાં કાયદાનું રક્ષણ કરનાર અને દારૂનું રક્ષણ કરતી પોલીસ સામે પ્રજામાં અનેક સવાલો ઉભા થયા છે. જોઆ દારૂ પોલીસ મથક થી જ લવાયો છે. તે પ્રકારની વાતચીત હકીકત હોય તો તેની તપાસ કરીને આવા દારૂબંધીનો ભંગ કરનાર અને સરકારી ચોપડે જપ્ત રખાયેલ દારૂને લેનાર સામે અને દારૂ કોને આપ્યો તેની સામે પણ પોલીસ કાર્યવાહી કરશે કે પછી સ્ટાફ ગણીને લૂલો બચાવ કરશે તે તો સમય બતાવશે.

## ઘોઘંબા કાંટુ ચોકડી પાસે બોલેરો ગાડીમાં લઈ જવાતો ૫૬,૬૭૦ રૂ.ના ગાંજાનો જથ્થો ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કાંટુ ચોકડી પાસે પોલીસના વાહન ચેકીંગ દરમ્યાન બોલેરો ગાડીને ઉભી રાખી ચેકીંગ કરવામાં આવ્યું હતું. દરમ્યાન ગાડીમાંથી ગાંજા ૫.૬૬૭ કિલો ગ્રામ કિંમત ૫૬,૬૭૦/-રૂપીયા અને બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના કાંટુ ચોકડી પાસે દામાવાવ પોલીસ વાહન ચેકીંગમાં ઉભા હતા. દરમ્યાન પસાર થતી બોલેરો ગાડી નં.જીજે.૨૦.એકસ.૦૭૦૫ને રોકી હતી અને ગાડીનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમ્યાન બોલેરો ગાડીમાંથી પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ભરવામાં આવેલ ૫.૬૬૭ કિલો કિંમત ૫૬,૬૭૦/-રૂપીયા અને બોલેરો ગાડી, મોબાઈલ ફોન મળી કુલ ૩,૫૯,૬૭૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે સંજય નરવતભાઈ રાઠવા રહે.વાવ લવારીયા દે.બારીઆ, વિનોદ ઉર્ફે ભટુ રમેશભાઈ બારીઆ રહે.કુવા દે.બારીઆને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે દે.બારીઆ પોલીસ મથકે એન.ડી.પી.એસ. એકટ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## કોવિડ-૧૯ સંદર્ભે જે નાગરીકો સ્વૈચ્છિક કોરોનાનો ટેસ્ટ કરાવવા માંગતા હોય તેઓએ હવે ડોકટરના ભલામણ કે પ્રિસ્ક્રીપ્શનની જરૂરીયાત રહેશે નહી

લુણાવાડા,

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયાનુસાર ICMR ની નવી ટેસ્ટીંગ ગાઈડલાઈન અનુસાર જે નાગરીકો સ્વૈચ્છિક કોરોનાનો ટેસ્ટ કરાવવા માંગતા હોય તેઓએ હવે ડોકટરના ભલામણ કે પ્રિસ્કીપ્શનની જરૂરીયાત રહેશે નહી. યાદીમાં વધુમાં જણાવાયાનુસાર કોવિડ - ૧૯ રોગચાળા અન્વયે રાજયમાં સરકારી અને ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટીંગ માટે રાજ્ય સરકાર દ્વારા ટેસ્ટ કરવા માટેની મંજુરી આપવામાં આવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૦૫-૧૨-૨૦૨૦, શનિવાર, નિજ કારતક વદ-૫, સૂર્યોદય-૭-૧૩, સૂર્યાસ્ત-૬-૦૮, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્ર: પૃષ્ય

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

૧૨-૧૬ થી અભિજીત ૧૨-૫૯ સુધી, ૮-૩૫ થી શુભ-૯-૫૬ સુધી, ૧૨-૩૮થી ચલ-લા-અમૃત-૧૬-૪૦ સુધી, ૧૮-૦૧ થી લાભ-૧૯-૪૧ સુધી, ૨૧ -૨૦થી શુભ-અમૃત-૨૪-૩૮ સુધી

- શુભ હોરા-

૮-૦૮થી ૯-૦૨ સુધી, ૧૦-૫૦થી ૧૩-૩૨ સુધી, ૧૪-૨૬થી ૧૫-૨૦ સુધી, ૧૭-૦૬ થી ૨૦-૧૪ સુધી


# RBIએ રેપો રેટ યથાવત્ રાખ્યો: લોનના EMI નહીં ઘટે

મુંબઈ,

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને સુપરત કરવામાં આવેલી દ્વિ-માસિક નાણાકીય નીતિ સમીક્ષામાં, ભારતીય રિઝર્વ બેંકે પ્રમુખ માળખાકીય રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો ન હતો અને તેને ૪ટકા જાળવી રાખ્યો હતો. તે જ સમયે, સેન્ટ્રલ બેંકે વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન અર્થતંત્રમાં ૭.૫ ટકાનો નવો અંદાજ મૂક્યો છે.

તે જ સમયે, કેન્દ્રીય બેંકે આર્થિક વિકાસને વેગ આપવા માટે ઉદાર અભિગમ જાળવી રાખ્યો છે, અને કહ્યું છે કે તે કોવિડ -૧૯ થી પ્રભાવિત અર્થતંત્રને વેગ આપવા માટે નીતિ દર ઘટાડા સહિતના તમામ સંભવિત પગલા લેશે.

નાણાંકીય નીતિ સમિતિ (એમપીસી) ના નિર્ણયની વિગતો આપતાં આરબીઆઈના ગવર્નર શક્તિકાન્ત દાસે કહ્યું હતું કે છૂટક



ફુગાવાના ઉચ્ચ સ્તરને ધ્યાનમાં રાખીને એમપીસીના તમામ છ સભ્યોએ સર્વસંમતિથી નીતિ દરને સર્વાનુમતે યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. તેમણે એમ પણ કહ્યું કે કોવિડ -૧૯ થી પ્રભાવિત અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે. એમપીસીના આજના નિર્ણય સાથે, જ્યારે રેપો રેટ ૪ ટકા રહેશે, જ્યારે રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા રહેશે.

અગાઉ, આર્થિક વિકાસને વેગ આપવા માટે સેન્ટ્રલ બેંકે માર્ચથી રેપો રેટમાં ૧.૧૫ ટકાનો ઘટાડો કર્યો છે. આર્થિક વૃદ્ધિની આગાહી અંગે દાસે કહ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષમાં તે ૭.૫ ટકા ઘટશે. ત્રીજા ક્વાર્ટર અને ચોથા ક્વાર્ટરમાં, તે અનુક્રમે ૦.૧ ટકા અને ૦.૭ ટકા વધવાનો અંદાજ છે.

ગવર્નર શક્તિકાંત દાસે વધુમાં કહ્યું હતું, રિટેલ મોંઘવારી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના ત્રીજા ત્રિમાસિકમાં ૬.૮ ટકા, ચોથા ત્રિમાસિકમાં ૫.૮ ટકા રહેવાનું અનુમાન છે. RBIએ આ પહેલાં ઓક્ટોબરની મોનિટરી પોલિસીમાં અનુમાન વ્યક્ત કર્યું હતું કે ૨૦૨૦-૨૧માં દેશની જીડીપીમાં ૯.૫ ટકાનો ઘટાડો આવી શકે છે. ત્રીજા ત્રિમાસિકમાં ૫.૬ ટકાના ઘટાડાનું અનુમાન હતું, જ્યારે ચોથા ત્રિમાસિકમાં GDPમાં અડધા ટકાનું અનુમાન લગાવવામાં આવ્યું હતું.

### ૨૪ કલાકમાં ૩૬૫૯૪ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા, વધુ ૫૪૦ના મોત

## દેશમાં કોરોનાથી રિકવરી દર ૯૪.૨૦ ટકા મૃત્યુદર ૧.૪૫ ટકા થયો

ન્યુ દિલ્હી,

કોરોનાથી દેશમાં ૨૪ કલાકમાં ૫૪૦ દર્દીઓના મતો થયા છે જેને પગલે કુલ મૃત્યુઆંક વધીને ૧,૩૯,૧૮૮ થયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ છેલ્લા એક દિવસમાં કોરોનાના વધુ ૩૬,૫૯૫ પોઝિટિવ કેસો નોંધાતા કુલ કેસ લોડ વધીને ૯૫૭૧,૫૫૯ થયો છે. બીજીતરફ સારી બાબત એ છે કે કોરોનાથી રિકવર થયેલા દર્દીઓ આંક પણ વધીને ૯૦ લાખને પાર જતા રિકવરી દર ૯૪.૨૦ ટકા થયો છે.

સરકારે જાહેર કરેલા આંકડા મુજબ કોવિડ ૧૯થી મૃત્યુદર ૧.૪૫ ટકા થયો છે. કુલ રિકવર થયેલા દર્દીઓ આંકડો ૯૦,૧૬,૨૮૯ પર પહોંચ્યો હતો. સતત ૨૪માં દિવસે




કોરોનાના એક્ટિવ કેસો ૫ લાખની નીચે ૪,૧૬,૦૮૨ રહ્યા હતા. કોરોનાના કુલ કેસ લોડની તુલનાએ સક્રિય કેસોની ટકાવારી ૪.૩૫ ટકા છે.

દેશમાં સૌપ્રથમ વખત ૭ ઓગસ્ટના ૨૦ લાખ કેસોનો આંક પાર થયો હતો, ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ કેસો નોંધાયા હતા. ૫ સપ્ટેમ્બરના ૪૦ લાખ કેસો નોંધાયા હતા જ્યારે ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખ કેસો, ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ કેસ, ૧૧ ઓક્ટોબરના ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરના ૮૦ લાખ કેસો અને ૨૦ નવેમ્બરના સૌપ્રથમ વખત ૯૦ લાખ કેસો નોંધાયા હતા.

આઈસીએમઆરના ડેટા મુજબ ૩ ડિસેમ્બરના દેશમાં ૧૧,૭૦,૧૦૭ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ થયું હતું. અત્યાર સુધીમાં કુલ ૧૪,૪૭,૨૭,૭૪૯ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ હાથ ધરાયું હતું. ૨૪ કલાકમાં વધુ ૫૪૦ દર્દીનાં મોત થયા હતા જે પૈકી મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૧૫ દર્દીનાં મોત થયા હતા. દિલ્હીમાં ૮૨, પશ્ચિમ બંગાળમાં ૪૯, હરિયાણામાં ૩૨. કેરળ તેમજ ઉત્તર પ્રદેશમાં ૩૨-૩૨, છત્તિસગઢમાં ૨૨, પંજાબ અને રાજસ્થાનમાં ૨૨-૨૨ દર્દીનાં મોત થયા હતા. કોરોનાથઈ થયેલા કુલ મોત પૈકી ૭૦ ટકાના મોત અન્ય બિમારીને પગલે થયા હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

## અમેરિકામાં કોરોનાનો હાહાકાર: ૨૪ કલાકમાં ૨.૧૦ લાખ કેસ નોંધાયા

વૉશિંગ્ટન,

અમેરિકામાં કોરોના વાયરસનો કહેર થોભવાનું નામ લઈ રહ્યું નથી. અમેરિકામાં કોરોનાના એક દિવસમાં રેકોર્ડબ્રેક કેસ સામે આવ્યા છે એટલે કે એક દિવસમાં અત્યાર સુધીના સૌથી વધુ નવા કેસ નોંધાયા છે. જોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના મતે અમેરિકામાં ગુરૂવારના રોજ છેલ્લાં ૨૪ કલાકમાં COVID-19ના ૨,૧૦,૦૦૦થી વધુ કેસ સામે આવ્યા છે. આ અમેરિકામાં મહામારી શરૂ થયા બાદથી લઈ અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. અમેરિકા કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશ છે.

યુનિવર્સિટીના આંકડા પ્રમાણે યુએસમાં ગુરૂવારના રોજ છેલ્લાં ૨૪ કલાકમાં ૨.૧૦ લાખથી વધુ નવા કોરોનાના કેસ નોંધાયા છે. આ દરમ્યાન કોરોનાના લીધે ૨૯૦૭ લોકોના મોત થયા છે. અમેરિકામાં કોરોના વાયરસની બીજી લહેરની આશંકા વ્યકત કરાઈ છે.

અમેરિકા, ભારત અને બ્રાઝીલ કોરોના મહામારીથી સૌથી વધુ પ્રભાવિત દેશ છે. અમેરિકામાં કોરોના સંક્રમણના કુલ કેસ ૧.૪૦ કરોડની નજીક પહોંચી ગઈ છે જ્યારે અત્યાર સુધી વાયરસના લીધે ૨.૭૩ લાખથી વધુ લોકોના જીવ ગયા છે. એક્ટિવ કેસની સંખ્યા ૮૩ લાખથી વધુ છે.

તો ભારતમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૯૫ લાખને પાર પહોંચી ગઈ છે. ભારતમાં વાયરસના લીધે ૧.૩૮ લાખ લોકોના જીવ ગયા છે. જો કે રાહતની વાત એ છે કે અત્યાર સુધીમાં ૮૯ લાખથી વધુ લોકો સંક્રમણથી ઉભરવામાં સફળ રહ્યા છે. તો દેશમાં ૪.૨૨ લાખ લોકોની કોરોનાથી સારવાર ચાલુ છે.

## દૈનિક રાશીફળ

તા.૦૫.૧૨.૨૦૨૦ શનિવાર

મેષ (અ.લ.ઈ.) :- ઉંડાણ પૂર્વકની સમજણનો યોગ્ય ઉપયોગ લાભ દાયક રહેશે. વિદેશ વસવાટ કરવાની ઈચ્છા ફળવાની.
વૃષભ (બ.વ.ઉ.) :- ભાગ્ય પરિવર્તના માટેના તમારા પ્રયત્નો ફળવાના અધીકારી વર્ગનો સહકાર સારો મલવાનો સ્વાસ્થ્ય જાળવવું.
મિથુન (ક.છ.ઘ.) :- અવિવાહીતોને લગ્નની ઈચ્છ ફળે નકારાત્મક વિચારોથી દૂર રહેવું.
કર્ક (ડ.હ.) :- પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય નોકરીમાં મનગમતું કાર્ય મલે. ધાર્મિક યાત્રા પ્રવાસની ઈચ્છા ફળવાની.
સિંહ (મ.ટ.) :- વગદાર વ્યકિતના મુલાકાત લાભદાયક રહેશે. મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા રહે. સામાજીક પ્રતિષ્ઠા વધે.
કન્યા (પ.ઠ.ણ.) :- બીજાના કાર્યમાં અવરોધો ઉભા કરાવવાથી દૂર રહેજો તમારા કાર્યને વળગી રહો વાંચન પ્રત્યે વધુ ધ્યાન આપો.
તુલા (ર.ત.) :- રોકાયેલા નાણા માટે પ્રવાસ થાય મિલ્કતથી લાભ રહે. વાહન ચલાવવામાં સાવધાની રાખવી ગુસ્સો ટાળવો.
વૃશ્ચિક (ન.ય.) :- શુભ પ્રસંગોનું આયોજન થાય લગ્ન જીવનમાં ગેર સમજો ટાળવી નબળા વિચારોથી દૂર રહેજો.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક લાભ માટેના પ્રયત્નો ફળવાના નવી યોજનામાં સફળતા રહે. શેર સટ્ટામાં સફળતા મલવાની.
મકર (ખ.જ.) :- નાણાકીય લેવડ-દેવડમાં સરળતા રહે. આવકની સાથે ખર્ચ રહે. જીવનમાં ઉત્સાહમાં વધારો થવાનો.
કુંભ (ગ.શ.સ.) :- બપોરે પછીનો સમય અનુકુળતા વાળો રહેશે અચાનક પ્રાસનો યોગ બને વીલ વારસાના પ્રશ્નોમાં લાભ.
મીન (દ.ચ.ઝ.) :- વાદ-વિવાદમાં દૂર રહેજો કાનૂની પ્રશ્નોમાં સમાધાનથી લાભ નોકરીમાં પ્રમોશન બદલીના ચાન્સ ઉભા થયા.

તા.૦૫/૧૨/૨૦૨૦
શનિવાર

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદના ખુંખાર પેરોલ જમ્પ આરોપી દિલીપ દેવળનું રતલામ પોલીસના હાથે એન્કાઉન્ટરમાં મોત

દાહોદ,

દાહોદમાં એક વેપારી તેમજ અન્ય એક યુવકના મર્ડર કેસમાં આજીવન કારાવાસની સજા દરમિયાન પેરોલ જમ્પ કરી મધ્યપ્રદેશના રતલામમાં ત્રિપલ મર્ડર સહિત ચાર લોકોની હત્યાનો માસ્ટર માઈન્ડ દિલીપ દેવળ આજરોજ રતલામ જિલ્લાના ખાચરોદ ખાતે રતલામ પોલીસના હાથે એન્કાઉન્ટરમાં ઠાર મરાયો છે. જ્યારે આ એન્કાઉન્ટરમાં ૫ જેટલાં પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ તાલુકાના ખરેડી ગામનો રહેવાસી દિલીપ દેવળ કે જે દાહોદ જિલ્લામાં બે હત્યાના ગુનામાં થયેલ આજીવન કારાવાસની સજા દરમિયાન બે વર્ષ પૂર્વે પેરોલ જમ્પ કરી ફરાર થઈ ગયો હતો . છેલ્લા બે વર્ષથી દાહોદ સહિત અન્ય તપાસ એજન્સીઓ આ કુખ્યાત ગુનેગારને શોધી રહી હતી. પેરોલ જમ્પ કરી ફરાર થયેલો દિલીપ દેવળ મધ્યપ્રદેશના રતલામમાં પોતાના એક પરિચિત વ્યક્તિનો લાભ લઈ છેલ્લા બે વર્ષથી રતલામમાં વસવાટ કરી રહ્યો હતો. આ બે વર્ષ દરમિયાન દિલીપ દેવળે ટૂંક સમય પહેલા રતલામમાં પોતાના સાગરીતોની મદદથી એક મહિલાની લૂંટના ઈરાદે ગોળી મારી હત્યા કરી હતી. જેની તપાસ પોલીસ કરી હતી . ત્યારબાદ રાતલામમાંજ આ ખૂંખાર હત્યારાએ પોતાના

## આરોપી અને પોલીસ વચ્ચેની મૂઠભેળમાં પાંચ પોલીસ કર્મીઓ ઈજાગ્રસ્ત.

સાગરીતોની મદદથી ગત તારીખ ૨૫ નવેમ્બર દેવદિવાળીના રોજ એકજ પરિવારના ત્રણ સભ્યોની ગોળી મારી હત્યા કરી હતી. આ ત્રિપલ મર્ડર કેસને રતલામ પોલીસે ગંભીરતાથી લઈ સીસીટીવી ફૂટેજ સહિત ટેકનિકલ સોર્સના મદદથી હત્યામાં સામેલ ત્રણ લોકોને ઝડપી પાડ્યા હતા. જ્યારે હત્યાનો માસ્ટરમાઈન્ડ દિલીપ પોલીસ પકડથી દૂર હતો. આ હત્યારાને શોધી કાઢવા માટે પોલીસે અલગ – અલગ ટીમો બનાવી ગુજરાત, મધ્યપ્રદેશના આસપાસના જિલ્લાઓમાં તપાસનો દોર લંબાવ્યો હતો. તે દરમિયાન આજરોજ પોલીસને

### દાહોદ જીલ્લા પોલીસ પેરોલ જમ્પ આરોપીને શોધવામાં નિષ્ફળ રહેતા વધુ હત્યાને અંજામ આપ્યો

દાહોદના વેપારી અને યુવકની હત્યાના ગુનામાં આજીવન કેદની સજા કાપતો આરોપી દિલીપ દેવળ પેરોલ જમ્પ કરી નાશી છુટીયો હતો. પેરોલ જમ્પ આરોપીને દાહોદ જીલ્લા પોલીસ છેલ્લા બે વર્ષથી આરોપીને શોધવામાં નિષ્ફળ રહી હતી અને આરોપી રતલામમાં રહેતો હતો. દાહોદ પોલીસે પેરોલ જમ્પ આરોપીને રતલામમાં વધુ ત્રણ હત્યાને અંજામ આપ્યો હતો. આખરે ખુંખાર આરોપીનું પોલીસ એન્કાઉન્ટરમાં મોત થવા સાથે તેના તમામ ગુનાઓ ઉપર પડદો પડયો છે.

બાતમી મળી હતી કે દિલીપ દેવળ રતલામ જિલ્લાના ખાચરોદના હોમગાર્ડ કોલોનીમાં સંતાયેલો છે. તે બાતમીના આધારે પોલિસે હોમગાર્ડ કોલોનીમાં ચારે તરફથી ઘેરાબંધી કરી દિલીપ દેવળને પકડવાના પ્રયાસો કર્યા હતા પરંતુ કુખ્યાત હત્યારા દિલીપ દેવળે પોલિસ પર ફાયરિંગ કરતા પાંચ પોલીસ જવાનો ઘાયલ થયા હતા. જ્યારે પોલીસે જવાબી કાર્યવાહી કરતાં પોલીસની જવાબી કાર્યવાહીમાં દિલીપ દેવળ ઠાર મરાયો હતો.

આમ, દાહોદમાં બે તેમજ મધ્ય પ્રદેશના રતલામમાં ત્રિપલ મર્ડર સહિત છ લોકોની હત્યાને અંજામ આપનારો કુખ્યાત માસ્ટર માઈન્ડ દિલીપ દેવળ પોલીસ સાથેની અથડામણના મોતને ભેટ્યો હતો.

### ખુંખાર આરોપી દિલીપ દેવળનું પોલીસ મૂઠભેળમાં મોત

૨૫ નવેમ્બરના રોજ ખૂંખાર હત્યાર દિલીપ દેવળ અને તેના સાગરીતો સાથે મળીને રતલામના એક જ પરિવારના ત્રણ સભ્યોની ગોળી મારી હત્યા કરી હતી. રતલામ પોલીસે સી.સી.ટીવીના આધારે ત્રણ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે મુખ્ય ખુંખાર આરોપી ફરાર હતો. પોલીસને બાતમી મળી હતી. તે મુજબ ખાચરોદ હોમગાર્ડ કોલોનીમાં સંતાયેલ આરોપી દિલીપ દેવળને ઝડપવા જતાં આરોપી એ ફાયરીંગ કર્યું હતું. જેમાં પાંચ પોલીસ જવાનો ઘાયલ થયા હતા. જેની સાથે પોલીસ કાર્યવાહી કરી દિલીપ દેવળને ઠાર કરવામાં આવ્યો.

# દાહોદ કસ્બા વિસ્તારમાં મિલ્કતના ઝઘડામાં કાકા એ ભત્રીજાને ચાકુના ઘા મારી મોત નિપજાવ્યું

દાહોદ,

દાહોદ શહેરના કસ્બા વિસ્તારના પિંજરવાડ ખાતે આજ વહેલી સવારે એક પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. એક જ પરિવારમાં રહેતા કાકા ભત્રીજા વચ્ચે કોઈક મિલકત સંબંધે અવારનવાર ઝઘડો થતો હતો અને આજરોજ આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા કાકાએ ભત્રીજાને ઉપરાછાપરી ચાકુના ઘા શરીર તેમજ છાતીના ભાગે મારી ઘટનાસ્થળ પર જ મોતને ઘાટ ઉતારી દેતાં પંથકમાં આ સમાચાર વાયુવેગે ફેલાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. જ્યારે મળતી માહિતી પ્રમાણે મૃતકની પત્ની વચ્ચે છોડાવવા પડતા તેના ઉપર પણ ચાકુ વડે હુમલો થયું હોવાનું જાણવા મળે છે. મૃતકની પત્નીને પણ દાહોદની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે મોકલી દેવામાં આવી છે. ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને આરોપીની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

દાહોદ કસ્બા પિંજરવાડ નૂર મસ્જિદની પાસે રહેતા એક પરિવારના કાકા અને ભત્રીજા વચ્ચે અવારનવાર કોઈક મિલકત સંબંધે ઝઘડો તકરાર થતો રહેતો હતો. આજરોજ કાકા ભત્રીજા વચ્ચે ઝઘડા તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ખૂની ખેલ ઉપર ઉતરી આવ્યા હતા. એકબીજાના જાની દુશ્મન બની બેઠેલા આ કાકા ભત્રીજા વચ્ચે ધમાસણ ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપીના દ્રશ્યો પણ સ્થળ પર ઉભેલા લોકોએ જોયા હતા. આ ઝપાઝપી દરમિયાન જ કાકા શાહનવાજ મન્સૂરી ચાકુ લઈ દોડી આવી ભત્રીજા નવાજભાઈને છાતીના ભાગે ચાકુના ઘા ઝીંકી દેતા જોતજોતામાં નવાજભાઈ ઘટનાસ્થળ પર લોહીથી લથબથ હાલતમાં ઢળી પડ્યા હતા અને ગંભીર ઈજાઓને પગલે તેમનું સ્થળ પર જ કમાટીભર્યું મોત નીપજયું હતું. આ દરમિયાન તેમની પત્ની વચ્ચે છોડવા પડતા તેઓને ઉપર પણ ચાકુ વડે હુમલો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

ત્યારે આ ઈજાગ્રસ્ત મહિલાને પણ દાહોદ હોસ્પિટલ ખાતે સારવાર માટે મોકલી દેવામાં આવી છે. ઘટનાની જાણ વાયુવેગે વિસ્તારમાં ફેલાતા સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે આ ઘટનાને અંજામ આપી શાહનવાજ મન્સૂરી નાસી ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે ઘટનાની જાણ સ્થાનિક પોલીસને થતા પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી જાય મૃતકના મૃતદેહને પીએમ અર્થે નજીકના દવાખાને રવાના કરી દઈશ આરોપીના ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

### દાહોદ પોલિસે સરકારી ગાડીમાં ઈજાગ્રસ્ત મહિલાને હોસ્પિટલમાં સારવારઅર્થે ખસેડી માનવતા મહેકાવી

દાહોદ શહેરના કસ્બા વિસ્તારના પિંજરવાડ ખાતે કાકાએ ભત્રીજાની હત્યા કરવાના ઈરાદે છાતી પર ચાકુના તીક્ષ્ણ ઘા કરી મોતને ઘાટ ઉતાર્યો હતો. આ બનાવમાં બચાવમાં આવેલ તેમના જ પરિવારની મહિલા તેમજ આની એક યુવકને પણ અત્યારે ચાકુના ઘા કરી લોહીલુહાણ કરી મુક્યા હતા. ત્યારબાદ ગંભીર રીતે ઘવાયેલી મહિલાને સારવારઅર્થે દવાખાના ખસેડવા એમ્બ્યુલ્સ પર્યાપ્ત ન થતાં પરિવારજનો મુઝવણમાં મુકાઈ ગયા હતા. જોકે તે સમયે દેવદૂત બનીને આવેલી પોલિસે તાબડતોડ ઈજાગ્રસ્ત મહિલાને સરકારી ગાડીમાં સમયસર દવાખાને પહોંચાડી માનવતા મહેકાવી હતી.

# દાહોદ જીલ્લામાં આજે ૧૮ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૮ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોના સંક્રમણનો કુલ આંકડો ૨૨૮૦ ને પાર પહોંચી જવા પામ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૩૪૦ પૈકી ૧૧ અને રેપીટ ટેસ્ટના ૧૧૨૭ પૈકી ૦૭ મળી દાહોદ જિલ્લામાં આજે કુલ ૧૮ કેસો સામે આવ્યા છે જેમાંથી દાહોદ અર્બનમાંથી ૦૯, દાહોદ ગ્રામ્યમાંથી ૦૩, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૩, સીંગવડમાંથી ૦૧, ફતેપુરામાંથી ૦૧ અને સંજેલીમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૬ કર્દીઓને એકસાથે રજા આપતાં એક્ટીવ કેસ ૧૮૭ પર પહોંચ્યો છે. અત્યાર સુધી જિલ્લામાં ૮૫ લોકોએ પોતાનો કોરોનાથી જીવ ગુમાવી બેઠા છે.

# ગરબાડા તાલુકાના પાટા ડુંગરી પાસેથી ત્રણ ક્રુઝર અને બોલેરોમાં લઈ જવાતો ૧૬.૯૪ લાખના ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપ્યો

ગરબાડા,

ASP ના માર્ગદર્શન હેઠળ પોલીસે ગત રાત્રિના સમયે ગરબાડા તાલુકાના પાટાડુંગરી પાસેથી ત્રણ ક્રૂઝર તથા એક બોલેરો પિકઅપ ગાડીમાં લઈ જવાતો રૂા .૧૬,૯૪,૪૦૦ /– ની કિંમતનો વિદેશી દારૂ તથા ટીન બિયરનો જથ્થો ઝડપી પાડી ત્રણ ક્રૂઝર તથા એક પિકઅપ ગાડી મળી કુલ રૂા .૩૮,૯૪,૪૦૦ /– નો મુદ્દામાલ કજે કર્યો છે.



પ્રાપ્ત વિગત અનુસાર, દાહોદ મદદનીશ પોલીસ અધિક્ષક શૈફાલી બરવાલને ગત રાત્રિના સમયે બાતમી મળી હતી કે મધ્યપ્રદેશના સેજાવાડા તરફથી અલગ અલગ વાહનોમાં ગેરકાયદેસર ભારતીય બનાવટનો ઈંગ્લીસ દારૂનો જથ્થો ભરી પાંચવાડા, પાટાડુંગરી તરફ જનાર છે જે બાતમીના આધારે પોલીસે ASP શૈફાલી બરવાલના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફના માણસો ખાનગી વાહનોમાં બેસી બાતમી વાળી જગ્યાએ પાટાડુંગરી પાસે રાત્રિના આશરે ૨૨:૫૦ વાગ્યાના અરસામાં આવી છુટા છવાયા વોચમાં હતા. તે દરમિયાન રાત્રિના ૦૦:૫૫ વાગ્યાના અરસામાં પાંચવાડા તરફથી પાટાડુંગરી તરફ ચાલુ લાઈટે વાહનો આવતા જાણતા પોલીસે તેમના ખાનગી વાહનો રોડની વચ્ચે મુકી દઈ આડાશ ઉભી કરી તમામ પોલીસના માણસો આવતા વાહનોને રોકી કોર્ડન કરી રોકવા ઈશારો કરતા પોલીસને જોઈ ચારેય વાહનના ચાલકો પોતાના વાહનો મુકી અંધારાનો તથા ઝાડી ઝાખરા તથા ડુંગરાઓનો લાભ લઈ નાસવા લગતા પોલીસના માણસોએ તેઓનો પીછો કરેલ પરંતુ તેઓ પકડાયેલ નહી ત્યારબાદ પોલીસ સ્ટાફના તરફથી પાટાડુંગરી તરફ ચાલુ લાઈટે વાહનો આવતા જાણતા પોલીસે તેમના ખાનગી વાહનો રોડની વચ્ચે મુકી દઈ આડાશ ઉભી કરી તમામ પોલીસના માણસો સદરહુ આવતા વાહનોને રોકી કોર્ડન કરી રોકવા ઈશારો કરતા પોલીસને જોઈ ચારેય વાહનના ચાલકો પોતાના વાહનો મુકી અંધારાનો તથા ઝાડી ઝાખરા તથા ડુંગરાઓનો લાભ લઈ નાસવા લગતા પોલીસના માણસોએ તેઓનો પીછો કરેલ પરંતુ તેઓ પકડાયેલ નહી ત્યારબાદ પોલીસ સ્ટાફના માણસોએ ત્રણ ક્રૂઝર તથા એક બોલેરો પીકઅપ ગાડી મળી ચારેય વાહનોની વારાફરતી ઝડતી તપાસ કરતા આ ચારેય વાહનોમાં ગેરકાયદેસર ભારતીય બનાવવાનો ઈંગ્લીસ દારૂનો જથ્થો ભરેલ મળી આવતા પોલીસે સદર ઝડપાયેલા વાહનો સહિત દારૂનું જથ્થો ગરબાડા પોલીસ સ્ટેશનમાં લાવી ચારેય વાહનોમાથી પ્રોહી મુદ્દામાલ ઉતારી ગણી જોતા ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા ટીન બિયરની પેટીઓ નંગ ૬૦૪ જેમાં કુલ બોટલો ૧૬૯૬૮ જેની કુલ કિંમત રૂા .૧૬,૯૪,૪૦૦ / – નો દારૂ તથા બિયરનો જથ્થો પોલીસને મળી આવતા પોલીસે સદર રૂા .૧૬,૯૪,૪૦૦ /– ની કિંમતનો દારૂ તથા ટીન બિયરનો પ્રોહી મુદ્દામાલ તથા પ્રોહી મુદ્દામાલની હેરાફેરી કરવા ઉપયોગમાં લીધેલ ૦૪ વાહનો જેની કિં.રૂા .૨૨,૦૦,૦૦૦ /– મળી કુલ રૂા .૩૮,૯૪,૪૦૦ /– નો મુદ્દામાલ કજે કરી વધુ તપાસ હાથ ધરી છે .

### પોલીસના વાહનો દેખી ચાર વાહનના ચાલકો વાહન છોડી ફરાર

# વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત કડાણા ઉદ્વહન સિંચાઈ યોજનાનો કાર્ય કેટલે સુધી પહોંચ્યુ ? અને કેટલા કિ.મી.નું કાર્ય બાકી ?


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

કડાણા જળાશય આધારીત ઉદ્વહન સિંચાઈ યોજના અને પાણી પુરવઠા યોજનાઓનો ઉદ્ઘોષણ સમારોહ તા.૧૭/૦૯/૨૦૧૬ શનિવારે ૧૦.૩૦ કલાકે સ્થળ આર્ટસ કોલેજ મોટા હાથીધરા લીમખેડા જીલ્લા દાહોદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતીમાં એક પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં એક મોટો વોટરપ્રુફ પંડાલમાં મોટી સંખ્યામાં નાના ખેડુતો તેમજ શ્રીમંત ખેડુત ભાઈઓએ હાજરી આપી હતી. તે ઉદ્ઘોષણા સમારોહમાં રાજય સરકાર દ્વારા આદિજાતિ વિસ્તાર પૈકી દાહોદ અને મહિસાગર જીલ્લાના સર્વાંગી વિકાસ માટે કડાણા અને જળાશય આધારીત ઉદ્વહન સિંચાઈ યોજના બનાવી હતી. મહિસાગર અને દાહોદ જીલ્લાના સિચાઈ થી વંચિત વિસ્તારોને લાભ આપવાનું થયું હતું. જેમાં મહિસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના નાની કયાર ગામ પાસેથી ઉદ્વહન કરી આ બન્ને જીલ્લામાં આવેલા નાની સિંચાઈ યોજનાના જળાશયો, તળાવો તેમજ હયાત સિંચાઈના લાભો આપવાનું આયોજન થયું હતું. આ યોજનામાં ૪૦૦ કયુસેક પાણી કડાણા જળાશય માંથી ઉદ્વહન કરી આશરે ૧૪૦ કિ.મી. લંબાઈમાં પાઈપ લાઈન મારફતે ૨૪૭૭૫ હેકટર જેટલી જમીનો વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું હતું. ચાર–ચાર વર્ષ વિત્યા હોવા છતાં ૧૪૦ કિ.મી. પાઈપ લાઈન માંથી કેટલું કાર્ય થયું અને કેટલું બાકી છે. તેની કોઈજાતની ઉદ્ઘોષણા થઈ નથી. મીડીયા થકી પણ કોઈ જ જાણકારી આપવામાં આવી નથી. અને કેટલા સમયની મર્યાદામાં આ સર્વાંગી વિકાસનું કાર્ય પૂર્ણ થશે જીલ્લાના વહિવટી તંત્ર અથવા સિંચાઈ વિભાગોના તેમજ પાણી પુરવઠા વિભાગના દ્વારા ખેડુતો મિત્રોને જાણ કરવામાં આવી નથી. જેથી જીલ્લા ખેડુતો પૂછી રહ્યા છે કે આ ઉદ્ઘોષણામાં લીમખેડા ખાતે તમામ લાભાર્થી ખેડુતોમાં એક મોટી આશા જાગી હતી કે આવતા વર્ષોમાં અમારી ખેતપેદાશોમાં વધારો થશે અને સિંચાઈની સુવિધા અમને અમારા આંગણા સુધી મળી રહેશે જેથી અમારી જીવન શૈલીમાં બદલાવ આવશે. ચાર–ચાર વર્ષના વહાણા વિત્યા તેમ છતાં અદલવાડા વાંકેશ્વર ડેમોમાં આજે પણ પાણીની અછત છે અને વરસાદી પાણીથી પણ ઓવરફલો થયા નથી. રૂા.૧૦૫૫ કરોડની આ યોજના હેઠળ મહિસાગર જીલ્લામાં સંતરામપુર તાલુકા અને દાહોદ જીલ્લામાં આ યોજનાનો લાભ ૨૦૨૧–૨૨ સુધી મળે તેવા કોઈ સંકેત મળતા નથી. જેથી લાગતા વળગતા પદના અધિકારીઓ આવતા દિવસોમાં પીવાના પાણી માટે કોઈ માહિતી પૂરી પાડશે ખરા ? કે પછી આ ઉદ્ઘોષણા ઝૂમલા સમાન સાબિત થશે તે તો આવનારો સમય બતાવશે.

# દાહોદ જીલ્લામાં માસ્ક વગર ફરતા લોકો પાસેથી ૭૭ હજાર રૂપીયાનો દંડ વસુલવામાં આવ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં માસ્ક વગર ફરતાં લોકો પાસેથી અત્યાર સુધી દાહોદ જિલ્લા તંત્ર દ્વારા કુલ રૂા.૭૭,૯૭૦૦ની દંડની વસુલાત કરી ગઈકાલે વધુ એક દુકાનને કોરોના ગાઈડલાઈનના ભંગ બદલ સીલ કરી દેવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં જયારથી કોરોના સંક્રમણે પોતાનો પ્રકોપ બતાવ્યો છે. ત્યારથી દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર સમેત વહીવટી તંત્ર એક્શનમાં આવી છે અને પાલિકા સહિતની ટીમો દ્વારા દાહોદ શહેર સહિત જિલ્લામાં માસ્ક વગર ફરતાં લોકો તેમજ સોસીયલ ડિસ્ટન્સ તેમજ કોરોના ગાઈડલાઈનનું પાલન ન કરતાં દુકાનદારો સામે લાલ આંખ કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. તારીખ ૦૩ ડિસેમ્બરના રોજ દાહોદ જિલ્લામાં માસ્ક વગર ફરતાં કુલ ૪૪ લોકો પાસેથી દંડ વસુલ કરવામાં આવ્યો છે અને ૪૪,૦૦૦ હજાર જેટલી રકમ પણ વસુલ કરવામાં આવી છે. આજ દિવસે દાહોદ શહેરમાં દોલતગંજ બજાર ખાતે આવેલ ગણેશ હોઝીયરી નામની કાપડની દુકાનને સીલ કરી દેવામાં આવી હતી. ત્યારે દાહોદ તાલુકામાંથી માસ્ક વગર ફરતાં ૧૫ લોકો પાસેથી રૂા.૧૫,૦૦૦, ગરબાડામાંથી ૫ લોકો પાસેથી રૂા.૫ હજાર, લીમખેડામાંથી ૨ લોકો પાસેથી રૂા.૨,૦૦૦, ધાનપુર તાલુકામાંથી ૩ લોકો પાસેથી રૂા.૩૦૦૦, સીંગવડ તાલુકામાંથી ૨ લોકો પાસેથી રૂા.૨૦૦૦, દેવગઢ બારીઆ તાલુકામાંથી ૫ લોકો પાસેથી રૂા.૫ હજાર, ઝાલોદ તાલુકામાંથી ૨ લોકો પાસેથી રૂા.૨ હજાર, ફતેપુરા તાલુકામાંથી ૮ લોકો પાસેથી રૂા.૮ હજાર અને સંજેલી તાલુકામાંથી ૨ લોકો પાસેથી રૂા.૨ હજાર મળી તારીખ ૦૩ નવેમ્બરના રોજ કુલ ૪૪,૦૦૦ની દંડની વસુલાત કરી હતી.

# ‘‘પ્રશંસા’’

પ્રશંસા કોને ન ગમે? સૌ કોઈ ઈચ્છતુ હોય છે કે તેના કામને, તેની મહેનતને અન્યો દ્વારા બિરદાવવામાં આવે અને સ્વાભાવિક છે કે કોઈપણ વ્યક્તિની મહેનતને અને સારા કામને ચોક્કસ બિરદાવવામાં આવે જેથી કામ કરનારને કામ કરવામાં વધુ ધગશ અને રસરૂચિ પેદા થાય.


આસીફ ઘંત્યા

પણ એક વાત એ પણ છે કે ઘણા વ્યક્તિઓને અન્યની પ્રશંસા કરવી ગમતી નથી એની પાછળનું એક કારણ એ પણ હોય શકે છે કે તેવી વ્યક્તિને બીજાના કામને બિરદાવવુ એટલે નથી ગમતું કારણ કે તેને એમ લાગે છે કે તે પોતાનાથી ક્યાંક આગળ ન નીકળી જાય અને પોતાની છબી ફીકી ન પડી જાય આવી વ્યક્તિ લઘુતાગ્રંથિથી પીડાતી વ્યક્તિ કહી શકાય.

તમે સમાજમાં હોવ, કોઈ કંપનીમાં હોવ કે પછી કોઈ સંસ્થા કે શાળામાં હોવ તો ચોકકસથી સારી મહેનત કરનાર કે સારૂં કાર્ય કરનાર વ્યક્તિની તેના સારા કાર્યને લઈ તેના વખાણ કરવા જોઈએ જેથી સારૂ કાર્ય કરનાર વ્યકિતને એક પ્રકારની આંતરિક ઉર્જા પ્રાપ્ત થાય અને તે વ્યક્તિ વધુ ઉત્સાહથી કાર્ય કરે.

આપણે સૌ ઘર,સમાજ કે મહોલ્લામાં એવા વ્યક્તિના કામને ચોક્કસ બિરદાવવુ જોઈએ જે ખરેખર અન્ય માટે ઉપયોગી થતા હોય. સમાજની કે મહોલ્લાની અગવડો દૂર કરવા સતત પ્રયત્નશીલ રહેતા હોય. જેમકે આપણા મહોલ્લા કે સમાજના સમાજ સેવકો કે જે લોકો સમાજને કે મહોલ્લાના લોકોને મદદરૂપ થતા હોય. મહોલ્લાની નિઃસહાય વ્યક્તિની માંદગીના સમયે કે તેના ખોરાક સંબંધી બાબતે ઉપયોગી થતા હોય,ગરીબ કે નિઃસહાય બાળકોના અભ્યાસ માટે વ્યવસ્થા કરતા હોય,દુઃખી કે ગરીબ લોકોને ખાવાપીવાની વ્યવસ્થા કરતા હોય આવી તમામ વ્યક્તિઓના કામને સૌ કોઈએ બિરદાવવા જોઈએ.

એવી જ રીતે શાળામાં આચાર્ય, શિક્ષક,પટાવાળા કે વિદ્યાર્થીઓના સારા કાર્યને પણ બિરદાવવા જોઈએ. જેથી સૌ કોઈને આત્મસન્માન મળે અને પોતાનું કામ વધુ સારી રીતે કરવાની એક પ્રકારની ઊર્જા મળે. જેને શિક્ષણની ભાષામાં હકારાત્મક સુદ્રઢકો પણ કહેવાય છે વર્ગમાં શિક્ષક દ્વારા બાળકોને અભ્યાસ દરમિયાન પૂછવામાં આવતા પ્રશ્નોના જ્યારે બાળક દ્વારા જવાબ અપાય ત્યારે કે બાળકો ઈતર પ્રવૃતિઓ કે સ્વઅધ્યયન પ્રવૃતિમાં કાર્ય કરે ત્યારે શિક્ષકે તેને શાબાશ, ખૂબ સરસ,વેરી ગુડ,અતિ સુંદર જેવા સુદ્ઢકોથી સન્માનિત કરવો જોઈએ જેથી બાળકને ખૂબ જ ખુશી થશે અને તે અભ્યાસમાં તથા ઈતર પ્રવૃત્તિઓમાં કે સ્વઅધ્યયનમા વધુ ધ્યાન આપશે.

એવી જ રીતે શાળાના આચાર્યના સારા કાર્યને લઈ તથા બાળકો અને શાળાના હિતમાં થતાં સારા સંચાલનને લઈને શાળા સંચાલકો દ્વારા કે શિક્ષકો દ્વારા આચાર્યના કામને બિરદાવવુ જોઈએ. આચાર્યએ પણ શાળામાં ફરજ બજાવતા શિક્ષકો,પટાવાળા ભાઈઓ કે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સારા કાર્યને બિરદાવવુ જોઈએ.

એવી જ રીતે કોઈ કંપની કે ફેકટરીમાં કામ કરતા કામદારોના નિયમિત અને ઈમાનદારીથી કામ કરતા કામદારોના કામને પણ કંપનીના માલિક દ્વારા વખાણ થવા જોઈએ. જેથી કામદારોને કામ કરવાની ધગશ અને ઉત્સાહ મળતો રહે.

આમ કોઈપણ વ્યક્તિની તેના કાર્યની પ્રશંસા, તારીફ કે વખાણ કરવાથી તે વ્યકિતના ચહેરા પર હાસ્ય તથા હૃદયને સંતોષ થાય છે અને તેને પોતાનું કાર્ય બમણા જોશ અને ઉત્સાહથી કરવાની શક્તિ મળે છે.

તો બીજી બાજુ કોઈપણ જગ્યાએ વ્યક્તિને સારૂં કાર્ય કરવા છતાં છેલ્લે તેને ઠપકો મળે કે પછી તેના કામને વખાણવાની જગ્યાએ તેના કામને વગોવવામા આવે ત્યારે તે વ્યક્તિને ખૂબ જ દુઃખ થાય છે હતાશ થાય છે અને પોતાના કામ પ્રત્યે રસરૂચિ કે ઉત્સાહ રહેતો નથી અને આમ તેને વગર કારણે ઠપકો સાંભળવાથી તેને પોતાના કામમાં મન લાગતું નથી. જેથી દરેક વ્યક્તિને દરેક જગ્યાએ તેના સારા કાર્યને લઈ તેને બે મીઠા શબ્દોથી બિરદાવવી જોઈએ. આપણા બે મીઠા બોલથી કોઈનું હૈયું રાજી થઈ જાય એથી વિશેષ શું હોઈ શકે.

આપણે હંમેશા કોઈપણ જગ્યાએ ગયા હોઈએ અને સામેવાળી વ્યક્તિએ આપણું કામ કરી આપ્યું હોય ત્યારે તેને બે મીઠા શબ્દોથી સન્માન કરવું જોઈએ ભલે ને તે કાર્ય તેની ફરજમાં આવતું હોય તેમ છતાં આપણે આટલું કહી દઈએ કે ‘‘આભાર, thank you, ધન્યવાદ, શુક્રીયા’’ આ બે મીઠા શબ્દોથી સામેવાળી વ્યક્તિ તમારૂં કામ કરી આપી મનોમન ખુશ થઈ જશે અને તે પોતાની ફરજ બમણા ઉત્સાહથી બજાવશે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 88

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## શાળામાં રજાના દિવસે CCTV કેમેરા બંધ રાખીને

# વેજલપુર ઉર્દુ પ્રા.શાળાના આચાર્ય દ્વારા બારોબાર ભંગાર વેચી મારતા વિવાદ


તસ્વીર : નુર બાલા, વેજલપુર

- ૩ ટેમ્પા ભરીને રૂા.૩ લાખ ઉપરાંતનું ભંગાર સગેવગે કર્યું હોવાના આક્ષેપ.
- વાલીઓને જાણ થતાં શાળા એ પહોંચીને આચાર્યને કરેલી રજુઆત.
- કોઈપણ નીતિ નિયમનું પાલન નહીં કરીને સત્તાનો કરેલો દુરુપયોગ.
- આચાર્ય એ ઉડાઉ જવાબ આપતાં વાલીઓમાં નારાજગી.
- સમગ્ર મામલાની તપાસની માંગ કરતાં વાલીઓ.
- ભંગાર વેચવા અંગે અજાણકતા કે મીલીભગત તેવા વાલીઓમાં ચર્ચા.
- શું તંત્ર સમગ્ર મામલાની તપાસ કરશે કે મૌન ધારણ કરશે.

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુરમાં આવેલી ઉર્દુ પ્રાથમિક શાળામાં વર્ષો જુનું આશરે રૂા.૩ લાખની કિંમતનું ભંગાર કોઈપણ નીતિનિયમોને પાલન કર્યા વિના આચાર્ય દ્વારા બારોબાર શાળાના રજાના દિવસે વેચી મારતા વાલીઓમાં ઉહાપોહ જન્મ્યો છે. આ અંગે જાગૃત નાગરિકો દ્વારા આચાર્યને ભંગાર બાબતે પુછપરછ કરતાં ગલ્લાતલ્લા કરવા સાથે ઉડાઉ જવાબ આપવામાં આવતાં વાલીઓમાં નારાજગી જન્મતા સમગ્ર મામલાની તપાસ કરીને આચાર્ય સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવતાં વિવાદે સ્થાન લીધું છે.

કાલોલ તાલુકાના વેજલપુર ગામની ઉર્દુ પ્રાથમિક શાળા આવેલી છે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. છેલ્લા કેટલાક સમયથી શાળાનું લોખંડનો દરવાજો, બેંચીસો તથા અન્ય ફર્નિચર ભંગાર હાલતમાં પડી રહ્યું હતુ પરંતુ આ શાળાની મિલ્કત ગણાતી અને તેના નિકાલ માટે શિક્ષણઅધિકારીની મંજુરી સાથે સ્થાનિક સ્કુલ મેનેજમેન્ટ હસ્તક જાહેર નિવિદા પ્રસિદ્ધ કરીને ટેન્ડર મંગાવીને આ ભંગારનો વેચાણ કરવાનો નિયમ છે. પરંતુ આચાર્ય દ્વારા કોઈપણ પ્રકારના નિયમોને અનુસર્યા વિના બારોબાર આશરે ૩ લાખથી વધુની કિંમતનો ભંગાર વેચી મારવામાં આવતાં આચાર્યની ભૂમિકા શંકાના ઘેરાવામાં આવીને સમગ્ર મામલે વિવાદે સ્થાન લીધું છે.

જાણવા મળતી માહિતી પ્રમાણે આચાર્ય દ્વારા ચાલુ શાળાના બદલે જે દિવસે વાલીઓની અવરજવર ના રહે અને બાળકોની ગેરહાજરી રહે તેવા શાળાના રજાના દિવસે ત્રણ ટેમ્પો જેટલો સ્કેપ સગેવગે થતા અનેક સવાલો ઉભા થયા છે. આ અંગેની બાદમાં વાલીઓને જાણ થતાં ઉહાપોહ થવાની સાથે ભંગાર વેચી માર્યું હોવા અંગે ચર્ચાઓએ સ્થાન લીધું છે. ઉર્દુ પ્રાથમિક શાળાનો સ્કેપ (ભંગાર) જેની અંદાજે કિંમત ત્રણ લાખ થી વધુ નો સ્કેપ બારો બાર વેચી દેવાતા ગામના જાગ્રુત નાગરિકને ખબર પડતા ઉર્દુ પ્રાથમિક શાળામાં પહોંચીને ગામના જાગ્રુત નાગરિક એ હોબાળો મચાવ્યો હતો. વેજલપુર ગામની ઉર્દુ પ્રાથમિક શાળાના આચાર્ય સામે અનેક પ્રકારના સવાલો વચ્ચે લોકોને આ ભંગાર અંગે અજાણ કે પછી મિલિભગહોય તેવુ લાગી રહયુ છે. આ મામલે ગામના જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી આ ભંગાર વેચી મારવાની દાનત ધરાવતા આચાર્ય એ કાળી કરતુતો કરવાની હોય તેમ ઘણાં સમયથી શાળાના સી.સી.ટીવી કેમેરા પણ બંધ કરી દેવામા આવેલા છે. જેથી આ ૩ લાખ રૂપીયાની કિંમતનો ભંગાર વેચી મારવાના સરળ માર્ગ મળી શકે વાલીઓ એ આક્ષેપ સાથે ઉમેર્યું હતું કે, લોકડાઉન દરમિયાન શાળા બંધ હોવાથી સરકાર તરફથી આપવામાં આવતુ મધ્ય ભોજન માટે આવેલ અનાજ પણ થોડુ ઘણુ બાળકોને વહેચી અને બાકીનું અનાજ પણ સગેવગે કરી દેવામા આવેલ છે. જેનાથી બાળકો લાભથી વંચિત બન્યા હતા. આ અંગે વાલીઓએ આચાર્યઓને મધ્યાહન ભોજ અંગે ફરિયાદ કરી હતી પરંતુ આચાર્ય એ ઉપરથી અપૂરતો જથ્થો આપ્યો હોવાનું કહીને લૂલો બચાવ કર્યો હતો. બાદમાં એસ.એમ.સી. સમિતિ અધ્યક્ષ પણ શાળામાં દોડી આવી ગયા હતા. જેથી ઉર્દુ પ્રાથમિક શાળાના આચાર્ય સામે તપાસ નો વિષય બનેલો છે. ભંગાર બાદ મધ્યાહન ભોજનના અનાજમાં પણ ગેરરીતિ આચરાઈ હોવાને લઈને ગામમાં અનેક ચર્ચાઓ એ જોર પકડ્યું છે. અત્રે નોંધનીય છે કે, શાળાની મિલ્કત ગણાતા ભંગાર બારોબાર વેચી મારવો તે ગુનો છે. અને શાળાનું ભંગાર વેચવા માટે નિયમ પ્રમાણે પ્રકિયા હાથ ધરવાની હોય છે. પરંતુ આચાર્ય એ નિતિનિયમોને કોરાણે મૂકીને સત્તાનો દુરઉપયોગ કરીને બારોબાર રૂા. ૩ લાખના ભંગાર વેચી મારવા અંગે વિવાદે જોર પકડ્યું છે અને ઉર્દુ પ્રાથમિક શાળાના આચાર્ય સામે તપાસની માંગ ઉઠી છે. હવે જોવું રહ્યું કે તપાસ કરે છે કે કેમ ?

### વેજલપુર ઉર્દુ પ્રાથમિક શાળાના આચાર્યનો ઉડાવ જવાબ

વેજલપુર ગામની ઉર્દુ પ્રાથમિક શાળાના આચાર્ય બુઢ્ઢા સાજીદ મહેમુદ સાથે ટેલિફોનિક વાત કરતા જણાવ્યું હતું કે, ભંગાર અંગે ગઈ કાલે વિવાદ સર્જાયો હતો અને સમાધાન પણ થયું ગયું હતું અને આજે ફરીથી મામલો બીચક્યો છે. તે અંગે મને ખબર નથી. હું એસ.એમ.સી. અધ્યક્ષ જોડે વાત કરીને જણાવીશ તેવા તેમ જણાવીને લૂલો બચાવ કર્યો હતો જ્યારે આજે આચાર્ય એ ઉડાવ જવાબ આપ્યો હતો કે મને કોઈ પણ પ્રકારની મને ખબર નથી. શાળાનો ભંગાર વિશે મને ખબર નથી તેની તપાસ ચાલુ છે. તપાસ મા નીકળી આવશે તો જે કોઈ પણ હશે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરીશુ.

## ભૂરાવાવ ચોકડીથી ભામૈયા બાયપાસ સુધીનો રસ્તો છ દિવસ માટે બંધ કરાયો, વૈકલ્પિક રસ્તા જાહેર કરાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા (આઈ.એ.એસ.) દ્વારા ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ ભૂરાવાવ ચોકડીથી ભામૈયા બાયપાસ સુધીનો માર્ગ છ દિવસ સુધી ટ્રાફિક માટે પ્રતિબંધ જાહેર કરતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ગોધરા શહેરમાંથી પસાર થતા સૂચિત અમદાવાદ-ગોધરા-દાહોદ-ઈન્દોર માર્ગને ફોરલેન કરવાની કામગીરી અંતર્ગત નડતરરૂપ મોટા અને જોખમી વૃક્ષોને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેને દયાને લઈને ભામૈયા બાયપાસથી ગોધરા શહેરમાં પ્રવેશ કરતા તથા ભૂરાવાવ ચોકડીથી અમદાવાદ તરફ જતા રોડને તા. ૦૪,૦૫,૦૬ અને ૧૧,૧૨,૧૩ ડિસેમ્બર-૨૦ એમ કુલ ૦૬ દિવસના સમયગાળા માટે વાહનોની અવરજવર હેતુ બંધ કરવાનો હુકમ આ જાહેરનામા અંતર્ગત કરવામાં આવ્યો છે. આ રસ્તાના વિકલ્પે ભામૈયા બાયપાસથી ઈન્દોર, અમદાવાદ હાઈવે થઈ છબનપુર પુલ નીચેથી ગોધરા શહેરમાં પ્રવેશ આપવા તેમજ ભૂરાવાવ ચોકડીથી લુણાવાડા રોડ, છબનપુર બાયપાસથી અમદાવાદ તરફ વાહનો ડાઈવર્ટ કરવામાં આવશે. આ ઉપરાંત ડાકોર રોડ ચોકડી આગળ ખાડી ફળિયા તરફ જતો રોડ તેમજ સિન્ગલ ફળિયા થઈ રેલ્વે ગરનાળું પસાર કરી અમદાવાદ રોડ તરફ જતો રસ્તો તેમજ દરૂણિયા ગામ તરફ જવાનો રસ્તો બંધ કરવાનો રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

### વિકાસના આડમાં વૃક્ષ છેદન કરાતા પર્યાવરણ પ્રેમીઓ નારાજ

ગોધરાના પ્રવેશ માર્ગ ગણાતા ભામૈયા ગામ પાસે રોડની આસપાસ વિશાળકાય વૃક્ષો જોવા મળી રહ્યા હતા. વર્ષો જુના આ વૃક્ષોના કારણે ઉનાળામાં આવતાં જતાં રાહદારીઓ તથા વાહન ચાલકોને ગરમીથી બચવા રક્ષણ આપતા હતા. તેમજ પવનના કારણે પણ બે મીનિટ પોરો લેવાનો મન આવતા જતા રાહદારીઓને થતું હતું. અને વૃક્ષો એક આર્શીવાદરૂપ હોવાની સાથે નગરની શોભા પણ વધારતા હતા. પરંતુ રસ્તો પહોળો કરવાની કામગીરીમાં નડતરરૂપ ગણીને આવા વૃક્ષોને કાપવાનું નક્કી કરવામાં આવતાં ગોધરાવાસીઓમાં અનેક ગણગણાટ વ્યાપ્યો છે. રસ્તાનું નિર્માણ કાર્ય આવકાર્ય અને ખુશીની બાબત છે. પરંતુ વિકાસના આડમાં ઘટાદાર વૃક્ષોનું છેદન કરવામાં આવીને પર્યાવરણને નુકશાન પહોંચાડવાનું કૃત્ય હોવાની નારાજગીની લાગણી પર્યાવરણ પ્રેમીઓમાં થઈ રહી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૩૩૧ થયો

- ૩૯ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૧૧.
- મૃત્યુ આંક ૧૨૩.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૦ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૩૩૧ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૧૦, ગોધરા ગ્રામ્ય-૦૧, હાલોલ-૦૭, કાલોલ-૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## ગોધરા વડોદરાના માર્ગ પર પર દોડતી બસના સંચાલકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા



ગોધરા,

કોરોના કહેર વચ્ચે પંચમહાલ જીલ્લામાં ખાનગી બસ દ્વારા સોશ્યલ ડિસ્ટન્સનો ભંગ કરીને જોખમી મુસાફરી કરાવતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો.

ગોધરા થી વડોદરા જવાના માર્ગ પરથી રાત-દિવસ દોડતી લકઝરી બસમાં આવતા જતા મુસાફરોને ગીચોગીચ ભરીને મુસાફરી કરાવતા કોરોના નિયમોના સંચાલકો દ્વારા ખુલ્લેઆમ ભંગ કરતા જોવા મળે છે. કોરોના કાળમાં હાલ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનો સરકારે નિયમ બનાવીને ચુસ્તપણે પાલન કરવા ખાનગી વાહન સંચાલકોને પણ જણાવવામાં આવ્યું છે. પરંતુ નિયમને ઘોળીને પી જતાં સંચાલકો નિયમોનો ભંગ કરી રહ્યા છે. તેમાંય ખાસ કરીને ગોધરા - વડોદરા માર્ગ પર દોડતી ખાનગી લકઝરી બસોમાં અગાઉની જેમ આવક રળવા માટે ઘેટા-બકરાંની માફક ગીચોગીચ મુસાફરોને ભરીને લઈ જવાતાં સોશ્યલ ડિસ્ટનશનો નિયમનું પાલન નહિ કરાઈને કોરાનાનું સંક્રમણ ફેલાય તેમ જાનનું જોખમ વધે તે રીતે મુસાફરોની બેઠક વચ્ચે અંતર રાખવામાં આવે તે જરૂરી છે. પરંતુ બે રોકટોક પણે ગીચોગીચ મુસાફરોને બેસાડીને નિયમોનું ભંગ કરાઈ રહ્યો છે. ત્યારે પંચમહાલ ટ્રાફિક પોલીસ દ્વારા સોશ્યલ ડિસ્ટન્સનો ભંગ કરતી બસોને રોકીને યોગ્ય પગલા ભરવામાં આવે તે જરૂરી છે. ત્યારે આવા બસ સંચાલકો સામે લાલ આંખ કરવામાં આવશે કે આંખ આડા કાન કરાશે. તેવી લોકોમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે.

## ગોધરા તાલુકાના પોપટપુરા તૃપ્તી હોટલ પાસે ઈકો ગાડીમાં લઈ જવાતા ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના પોપટપુરા ગામે તૃપ્તી ચોકડી પાસે પોલીસનું ચેકીંગ ચાલતું દરમ્યાન પસાર થતી ઈકો ગાડીમાંથી ઈંગ્લીશ દારૂ કિંમત ૨૧,૧૮૦/-રૂપીયા અને ગાડી મળી કુલ ૨,૨૧,૧૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ચાલકની બાજુમાં બેઠેલ વ્યકિત ઝડપાઈ જવા પામ્યો. જ્યારે ચાલક નાશી છુટીયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના પોપટપુરા ગામે તૃપ્તી ચોકડી પાસે તાલુકા પોલીસ વાહન ચેકીંગમાં હતી. દરમ્યાન પસાર થતી ઈકો ગાડી નંબર જીજે.૦૬.એબી.૩૫૮૨ને પોલીસે રોકી હતી. દરમ્યાન ચાલક નાશી છુટીયો હતો. જ્યારે બાજુમાં બેઠેલ અર્જુનભાઈ લક્ષ્મણભાઈ પટેલને ઝડપી પાડયો હતો. પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન ઈકો ગાડીમાંથી ઈંગ્લીશ દારૂ કિંમત ૨૧,૧૮૦/-રૂપીયા તથા ઈકો ગાડી મળી કુલ ૨,૨૧,૧૮૦/-રૂપીયાના મુદ્દામલા ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામ્યો છે.


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરાના દાઉદી વ્હોરા સમાજના આગેવાનો દ્વારા હાજી હનીફ કલંદર અને તેમની ટીમને કોરોના વેરિયરસ તરીકે સન્માન કરવામાં આવ્યું.

## કૃષિ ખરડાનો વિરોધ કરતાં ખેડુતો ઉપર દમનના વિરોધમાં પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ જીલ્લા કલેકટરને આવેદન આપ્યું


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા બહુમતીના જોરે દેશના ખેડુતોને અન્યાયકર્તા અને આવનાર સમયમાં તેમના અધિકારો અને હકક ઉપર તરાપ મારતા કૃષિ ખરડાને પસાર કરી દેશના ખેડુતોમાં ચિંતા અને નારાજગીનું જે વાતાવરણ પેદા થયેલ છે. તે અંગે અને આ કૃષિ ખરડાનો સમગ્ર દેશમાં ભારે વિરોધ થઈ રહેલ છે. ત્યારે વિરોધને દબાવવા દિલ્હીમાં પ્રવેશતા ખેડુતો ઉપર અત્યાચાર ગુજારવામાં આવી રહેલ છે. તેના વિરોધ માટે ગોધરા ખાતે પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લા પ્રમુખ અજીતસિંહ ભટ્ટીના નેતૃત્વમાં બેનરો સાથે વિરોધ અને પંચમહાલ જીલ્લાના કલેકટરને ભારતના મહામહીમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને રજુઆત કરતું આવેદનપત્ર સુપ્રત કરવામાં આવેલ અને દેશના ખેડુતોની વ્યાજબી માંગણી સંતોષવા અને ખેડુતોને ન્યાય અપાવવા વિરોધ પ્રદર્શનમાં માંગ કરવામાં આવેલ જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં જીલ્લાભરમાંથી કોંગી આગેવાનો, હોદ્દેદારો, ખેડુતો, કોંગ્રેસના વિવિધ સંગઠનનો અગ્રગણ્યો વિગેરે ઉપસ્થિત રહી જોડાયા હતા.

## ગોધરા- વડોદરા હાઈવે રોડ ઉપર સહયોગ હોટલ સામે તુફાન ગાડીનું ટાયર ફાટતા ત્રણ મુસાફરોને ઈજાઓ


તસ્વીર : નુર બાલા, વેજલપુર

ગોધરા,

ગોધરા -વડોદરા હાઈવે રોડ ઉપર વેજલપુર પાસે તુફાન ગાડીમાં ગીચોગીચ મુસાફરો ભરીને પસાર થતી હતી. દરમ્યાન ગાડીનું ટાયર ફાટતા ગાડી ડિવાઈડર કુદીને ખાડામાં ખાબકતા ત્રણ મુસાફરોને ઈજાઓ થવા પામી હતી. સદ્દનસીબે જાનહાની ટળી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર થી પસાર થતી તુફાન ગાડીમાં ગીચોગીચ મુસાફરો ભરીને પુરઝડપે પસાર થઈ રહી હતી. દરમ્યાન સહયોગ હોટલ સામે તુફાન ગાડીનું ટાયર ફાટતા ગાડી રોડ વચ્ચે આવેલ ડિવાઈડર કુદીને રોંગ સાઈડ ખાડામાં ખાબકી હતી. ગાડીમાં બેઠેલ મુસાફરો પૈકી બે થી ત્રણ મુસાફરોને ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તુફાન ગાડીમાં સવાર મુસાફરોમાં નાના બાળકો પણ હતા. સદ્દનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ગોધરા શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે ગોધરા નગર પાલિકા સભ્ય સિદ્દીક ભાઈ ડેનીની નિમણૂંક થતા તેમની નિમણૂંક ની પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી રફીક તિજોરી વાલા, ગુજરાત પ્રદેશ મહામંત્રી રાજેન્દ્ર પટેલ, ગુજરાત પ્રદેશ મંત્રી દક્ષેશ પટેલ, પંચમહાલ જિલ્લા માઈનોરીટી ડીપાર્ટમેન્ટ ચેરમેન ઉસ્માનભાઈ બેલી, પંચમહાલ જિલ્લા સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ કો-ઓર્ડીનેટર સાજીદ વલી, પંચમહાલ જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ મેકી જોસેફ ફારૂકભાઈ વોરા વગેરે આગેવાનોએ આવકારી અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી હતી.